Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकर गुणस्थानपार्टी प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत् २४४२ वैशाख. आत्म सं. २०. } अंक १० मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा,—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | વૈરાગ્ય પદ. ... ... | ૨૨૫ | ૬ | શ્રી જૈન કોનફરન્સનો ત્રીજો દિવસ અને નરોત્તમદાસ ભાણજીને આપેલું માનપત્ર. ... ... ... ... | ૨૩૯ |
| ૨ | ઐતિહાસિક સાહિત્ય. ... | ૨૨૬ | ૭ | ધાર્મિક શિક્ષણ.... ... ... | ૨૫૦ |
| ૩ | દશમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ. | ૨૨૮ | ૮ | સમાલોચના. ... ... ... | ૨૫૪ |
| ૪ | દશમી શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સનું કાર્યક્રમ પ્રથમ દિવસ. | ૨૩૦ | ૯ | શેઠ રતનજી વીરજી પાલીતાણા જૈન દવાખાના માટે સુચના ... ... | ૨૫૪ |
| ૫ | દશમી શ્રી જૈન કોનફરન્સનો બીજો દિવસ ... ... ... | ૨૩૪ | ૧૦ | વર્તમાન સમાચાર. ... ... | ૨૫૫ |


વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા ગ્રાહકોને ખુશખબર.

## તેરમા વર્ષની અપૂર્વ ભેટ.

# " શ્રી ચંપકમાલા ચરિત્ર "

( ગુર્જર—અનુવાદ )

**( અદ્‌ભુત મનોવેધક શીયલના મહાત્મ્યને જણાવનાર રસયુકત કથા. )**

આર્હત ધર્મના શ્રીમાન્ **ભાવવિજયજી** વાચકનો રસ—અલંકારયુકત આ લેખ ઉત્કૃષ્ટ પદે આવેલો છે. આલંકારિક અને રસિક ભાષામાં ઉતારેલું આ સતીચરિત્ર અતિ રસિક અને સુબોધક છે. ચરિતાનુયોગની ઉપયોગિતા જે જે વિષયો પરત્વે સિદ્ધ કરવામાં આવી છે તે આ ચરિત્રના વિષયમાં સંપૂર્ણ રીતે દર્શાવવામાં આવી છે. ધર્મનો પ્રભાવ, શીયલ—સદાચારનું મહાત્મ્ય, ભાવનાની ભવ્યતા આ ચરિત્રમાં પ્રત્યેક પ્રસંગે ઉછળે છે. કાવ્યકળાના સમુદ્રનું મથન કરી રત્નરૂપે પ્રગટ કરેલો આ ગ્રંથ ઉત્તમોત્તમ કાવ્યનો અપ્રતિમ નમુનો છે. એકંદર રીતે જૈનોના ધાર્મિક અને સુબોધક ચિત્ર તરીકે આ ચરિત્રનો લેખ અતિ ઉપયોગી છે, જેથી વાચકના હૃદયમાં આ ગ્રંથનું સ્વભાવિક અનુમાન થાય તેવું છે. સર્વ સ્ત્રી પુરૂષોને વાંચતા આનંદ સાથે ધર્મયુકત બોધ આપે અને સદ્‌વર્તનશીલ બનાવે તેવો આ ગ્રંથ છે.

આ ચરિત્રનો મૂળ ગ્રંથ ( સંસ્કૃત ) અમારા તરફથી પ્રસિદ્ધ થયેલો છે. તે મૂળ ગ્રંથના આશયને અવલંબી તેનો અનુવાદ પણ શ્રીમાન્ મહારાજ શ્રી **મૂળચંદ્રજી** ગણીના પ્રશિષ્ય મુનિરાજશ્રી **મણિવિજયજી**એ શુદ્ધ અને સરલ કરેલો છે, વળી સંસ્કૃતના અભ્યાસીઓને સુગમ પડે તેટલા માટે ભાષાંતરમાં પણ શ્લોકના અંકો મુકવામાં આવ્યા છે.

સદરહુ ગ્રંથનો બહોળો ફેલાવો થવા, તેમજ અમારા માનવંતા ગ્રાહકો પણ આવા ઉત્તમોત્તમ અપૂર્વ ગ્રંથનો અમૂલ્ય લાભ લે તેવા ઈરાદાથી આ વર્ષે ઉકત ગ્રંથ ભેટ આપવાનો ઠરાવ કરવામાં આવેલ છે, જેથી સદરહુ ગ્રંથ છપાવવો શરૂ થયો છે જે આવતા માસમાં તૈયાર થશે.

**દરેક વર્ષે ધારા મુજબ નિયમિત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમારોજ છે, તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બહાર હશેજ નહીં.**

નવ નવ માસ થયા ગ્રાહકો થઈ રહેલા અને તેમાં આવતા વિવિધ વિષયોનો આસ્વાદ લેનારા અમારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી વી. પી. સ્વીકારી લેશે એમજ અમોને સંપૂર્ણ ભરૂસો છે. **છતાં અત્યારસુધી ગ્રાહક રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે બીજા બ્હાના બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું કે જેથી નાહક પોસ્ટના પૈસાનું નુકસાન સભાને ખમવું પડે નહીં, તેમજ અમોને તથા પોસ્ટખાતાને નકામી તસ્દીમાં ઉતરવું ન પડે. એટલી સૂચના વી. પી. નહીં સ્વીકારનાર ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

## આ માસમાં નવા થયેલાં માનવંતા સભાસદો.

૧ શાહ ત્રીકમલાલ મગનલાલ રે. રાંધનપુર. લાઇફ મેમ્બર.

૧ શેઠ ચુનીલાલ ગડબડદાસ રે. છાણી. "

૧ ઝવેરી હીરાચંદ લીલાધર એફ. એલ. એ વગેરે મુંબઇ. પે. વ. વાર્ષિક મેમ્બર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात- पीडितेन तदपनयनाय हेयोपादेय- पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १३ ] वीर संवत् २४४२, वैशाख. आत्म संवत् २०. [ अंक १० मो.

## वैराग्य पद.

### ગઝલ.

ખલકે એક રેનકા સ્વપ્ના, સમજ જીવ નહિ કો અપના;
કઠણુ એક લોહકી ધારા, ભયા સૌ જાય સંસારા. ૧
ઘડા જેસે નિરકા ફૂટા, પત્ર જેસા ડાલસે તૂટા;
એસી નર જાણુ જિન્દગાની, અભી કુછ ચેત અભિમાની. ૨
ભૂલો મત દેખત ગોરા, જગતમાં જીવના થોડા;
કુટુંબ પરિવાર સુત દારા, સવિ દિન રોજ હે ન્યારા. ૩
સદા વિતરાગ કું ધ્યાવો, શુંનિરા ઉનકા લાવો;
તજો મદ લોભ ચતુરાઈ, રહો નીર શંક મન માંહી. ૪
પ્રાણુ જબ છૂટ જાયેંગે, નવિ કુછ કામ આયેગેં;
કટ્ટે જબ કર્મકી બેડી, કહે જિજ્ઞાસુ કર જોડી. ૫

જીજ્ઞાસુ-સાણંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ऐतिहासिक साहित्य.

## પંડિત પ્રવર શ્રીમદ્ દેવચંદ્રજીનો તત્ત્વજ્ઞાનપૂર્ણ આધ્યાત્મિક પત્ર.

પંડિત પ્રવર શ્રીમદ્ દેવચંદ્રજીના પવિત્ર નામથી જૈન સમાજ સારી પેઠે પરિચિત છે. તેમના રચેલાં તત્ત્વજ્ઞાનપૂર્ણ સ્તવનો વિગેરે જિન મંદિરોમાં અને ઉપાશ્રયોમાં ઘણા ભક્તિભાવપૂર્વક ગવાય છે-વંચાય છે. આ સિવાય આગમસાર, નયચક્રસાર, જ્ઞાનસાર-અષ્ટક ઉપરની જ્ઞાનમંજરી નામની ટીકા-ઇત્યાદિ કૃતિઓ પણ તેમની સુપ્રસિદ્ધ છે અને તે વિષયના જિજ્ઞાસુઓમાં નિરંતર વાચન-મનન રૂપે અવલોકાય છે. તેઓ શ્રી અધ્યાત્મજ્ઞાનના રસિયા હતા. તેમની બધી કૃતિઓમાં આત્મજ્ઞાન સંબંધી ગૂઢ વિચારો ઠેકાણે ઠેકાણે દ્રષ્ટિગોચર થાય છે. તેઓ ખરતરગચ્છમાં પ્રવર્તતા હોવા છતાં તેમની અધ્યાત્મજ્ઞાન પ્રિયતાથી તપાગચ્છમાં પણ ઘણો સદ્ભાવ પામ્યા હતા. **પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ**ના વિશાલ શાસ્ત્રસંગ્રહમાંથી તેઓશ્રીના હાથનો લખેલો એક પત્ર મળી આવ્યો છે કે જે તેમની તત્ત્વરમણતા ઉપર વિશેષ પ્રકાશ ન્હાંખે છે. આ પત્ર તેમણે અમદાવાદથી, સુરતની સુશ્રાવિકાઓ ઉપર લખ્યો છે, પત્ર બહુજ ગંભીરાર્થવાળો હોઇ અધ્યાત્મજ્ઞાનનો પ્રબોધક છે.

આ પત્ર ઉપરથી બીજી પણ એક વાત આપણું લક્ષ્ય ખેંચે છે કે તે વખતે જૈન સમાજમાં તત્ત્વરૂચિ અને આત્મરમણુતા કેટલી બધી વિશાળ રૂપમાં હતી કે, શ્રાવિકાઓ જેવી પણ આવા ગહન વિચારોમાં પ્રવીણ હતી અને દેવચંદ્રજી જેવા વિદ્વાનોના ઉંડા આશયો સમજવામાં પત્રો દ્વારા પ્રયાસ કરતી હતી. આજે આવા પત્રોના ભાવાર્થ સ્હમજવાવાળી પુરૂષ વ્યક્તિઓ પણ વિરલજ હશે. પત્ર ઉપર સાલ-તિથિ લખેલાં ન હોવાથી તેનો લેખનકાળ જાણી શકાયો નથી. ભૂત, ભવિષ્ય અને વર્તમાનને એકજ અખંડકાળ દ્રવ્ય માનનાર આ મહાત્માને મન કોઈ ઘડી ઉલ્લેખ યોગ્ય ન હોવાથી શું કરવા ઔપાધિક કાલને સ્મરણુ કરવાની ઉપાધિમાં પડવું પડે ! પત્ર, ૨૦ ઈંચ લાંબા અને ૪ાા ઈંચ પ્હોળા કાગળના એક લાંબા લીરા ઉપર સુંદર દેવનાગરી લીપિમાં લખેલો છે. વાંચકોની જિજ્ઞાસાઅર્થે કહો અથવા સાહિત્યના પ્રકાશનઅર્થે કહો, તે પત્ર અત્ર ઉતારવામાં આવે છે. બીજા પણ આવા તાત્ત્વિક તથા ઐતિહાસિક કેટલાંક પત્રો પ્રાપ્ત થયાં છે કે જે યથાવસરે પ્રકટ કરવામાં આવશે. શમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*॥ स्वस्ति श्री आदिजिनं प्रणम्य अहम्मदावादथी पं० देवचंद लिषतं श्री सूरतबिंदरे सुश्राविका जिनागमरूचि बाई जानकीबाई हरषबाई प्रमुख स्वरूप धर्मरूची जीव योग्यं धर्मलाभ वांचज्योजी. अत्र साता छें अपरंच तुम्हे यथार्थ ज्ञानी वीतराग सर्वज्ञ सर्वदर्शी अरिहंत परमात्मा यै प्रगट कर्यो सिध्धात्मानै जे संपूर्ण नीपनो छे ते सर्व जीवनें असंख्यात प्रदेशें व्याप्य व्यापकपणें अनादि अनंत संबंध रह्यो छैं ते स्वभावधर्मनी रूची पणें रह्यो जे धर्म ते आत्मानो अन्वय स्वभाव छें सहज अकृत स्वरूप छे ते उच्छरग धर्म छे, जाणवो देषवो ते स्वकार्य छें. तेहनी प्रवृत्ति ते रमणादिक छें ते शुध्ध धर्म जेहनें समरण प्रगट्यो ते देवतत्त्व ते संपूर्ण धर्मना इहा ये संपूर्ण धर्मी सिध्ध परमात्मानो बहुमान करवो ते साधन परिणतिनें संपूर्ण थवाना कारणपणा माटे तेहनें धर्म कहीयें मूल वस्तु धर्मे स्वस्वभाव तेहज धर्म ए श्रध्धा करवी जे बाह्य प्रवृत्ति योगनी आचरणी तेहनें धर्म माने तेहना कह्यामें सिध्ध ते धर्म रहित थायें ते माटें कारण तें मूल धर्मथी भिन्न छें यद्यपि उपादान कारण आत्मपरिणति छें पिण साधननी रीत ते सिध्धमानथी तेतलो भे [द] छैं. दशमा गुणठाणाना मुनीनें श्रीभगवतीसूत्रें उस्सत्तं रियति इम कह्यो छें तो जे स्वरूपरुचि विना सातादि गारव माटें संयम श्रुताभ्यासनें संसार हेतु छे ए आचारांगे धूताध्ययने चोथें उदेशें कह्यो छें ते माटें पूरण सिध्धावस्थायें जे छतो पामीयें ते धर्म जाणवो. तेहनी रूचि जे आगम प्रमाणें पोता प्रागभावी गुण तथा उदीक गुणी अनुजायी करवो ए साधकता छें ते करतां संपूर्ण धर्म प्रगटें तेहनो उद्यम करवो ए सर्व जीवनें हित छें ए आत्मसत्ता प्रगट करवा माटें परमेश्वर परमपुरुष परमानंदमयी संपूर्ण आत्मसत्ताऽभोगी सहज आत्यंतिक एकांतिक ज्ञानानंदभोगी परमात्मानो बहुमान ध्यान करवो. आत्मिक शक्ति कर्त्ता भोक्तादिक कारक चक्र ते विभावरूप कार्य कर्त्तापणें अशुध्ध संसार कर्तापणे करतां अनंत पुद्गल–परावर्त वही गया ते क्षयोपशमी चेतनादिक शुध्ध निरंजन निरामय निर्द्वंद्व निष्पन्न परमात्मगुणानुयायीक ते स्वरूप प्रगट करवाना कारण थया ते पछी स्वरूपावलंबी थया एतलें परम सिध्धिताना कारण थायें ते माटे प्रथम प्रशस्तालंबी थई स्वरूपालंबी पणें परणमी स्वरूप निष्पत्ति करवी ए हित जाणवोजी। तथा द्र-

* આ પત્ર મૂળ નકલની ખાસ પ્રતિકૃતિજ છે. તેમાં જોડણી વિગેરેમાં કાંઇ પણ ફેરફાર કરવામાં આવ્યો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



व्य साधन ते जावसाधन तो कारण जावसाधन ते संपूर्ण सिद्धनो हेतु छें ते रीतें श्रद्धा राखवीजी. पुद्गलीक जावनो त्याग ते आत्मानें स्वस्वरूप प्रगट करवानें करवो ए निमित्तकारण साधन छें अनें आत्मचेतना आत्मस्वरूपालंबी पणें वरतें ते उपादान साधन छें ते उपादान शक्ति प्रगट थवा माटे सिद्ध बुद्ध अविरुद्ध निष्पन्न निर्मल अज सहज अविनासी अप्रयासी ज्ञानानंद पूर्ण ज्ञायक सहज पारिणामिक रत्नत्रयीनो पात्र जे परमात्मा परमैश्वर्यमय तेहनी सेवना जे प्रभु बहुमान जासन रमणपणें करवो वर्तमानकालें स्वरूप निर्द्धार जासनविण दुर्लज छें तो स्वरूपनो रमण ते तो श्रेणिप्रतिपन्न जीवनें हुवें संपूर्ण स्वरूपानंदी वीतरागनी जक्तिनें अवलंबनें रहवोजी श्रीआचारांगें लोकसाराध्ययनें आत्मस्वरूपावलंबी जीव ते साधक छें बीजा साधक नथी इम कह्यो छें ते माटें शुद्ध साध्यरूचि अने यथापणें वस्तु परमार्थज्ञानी कर्मक्षय करवानो अर्थी निस्संग आत्मानो परिणमन ते धर्म तेहना प्राग्जावना अर्थी ते साधक जीव परमसिद्धतानें वरें ए रीते प्रतीत राखवीजी आज्ञा श्री तीर्थंकर देवनी ते प्रमाण साधन रसी गुणी बहुमान स्वतत्त्व पूर्णताना रसिकपणें वरतज्यो ए तत्त्व छें जी ।

मुनि जिनविजय ।

# દશમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

( શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું શહેર મુંબઇમાં થયેલું અધિવેશન. )

**સં. ૧૯૭૨ ના ચૈત્ર વદી ૪-૫-૬ શુક્ર-શની-રવી તા. ૨૧-૨૨-૨૩ મી એપ્રીલ સને ૧૯૧૬.**

સાતમી કોન્ફરન્સ પુનામાં મળ્યા પછી ચાર વર્ષ નિદ્રાવશ પડેલી ઉક્ત પરિષદ્‌ને આઠમી વખત પંજાબના જૈન બંધુઓએ જીવન આપ્યું હતું. ત્યારબાદ નવમી કોન્ફરન્સ સુજાનગઢ મળ્યા બાદ દશમી બેઠક ઉપરની તારીખે શહેર મુંબઇમાં મળી હતી, જે સ્થાન સમયને અનુસરી તેને યોગ્યજ હતું. આ વખતે પણ અનેક મુશ્કેલીઓ અને વિઘ્નમાંથી અધિષ્ટાયક દેવની કૃપા વડે પસાર થવું પડયું છે અને સ્થાન, અનુષ્ઠાન અને કાર્યવાહકોની લાગણીથી અને તેના થયેલા બંધારણથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિષ્યમાં તેનું કાર્ય હવે સારી રીતે ચાલશે એવી સંપૂર્ણ આશા રહે છે. દરેક આરંભેલા કાર્યોને વિઘ્નો આવે છે અને એક રીતે તે કસોટી પણ છે. તેવા સંજોગોમાં કાર્યવાહકોની ઉચ્ચ લાગણી, ધાર્મિક વૃત્તિ, આત્મભોગ, દઢતા, ધૈર્યતા અને સમાજ નું હિત કરવાની અંતઃકરણ પૂર્વકની પ્રબળ જીજ્ઞાસા વડેજ મુશ્કેલીઓ નષ્ટ થઈ કાર્ય સતત ચાલ્યાકરે છે. આવી ધાર્મિક પરિષદ્‌નું લાંબું આયુષ્ય ઇચ્છતા હોઇએ, તેનાથી સમાજની પ્રગતિ કરાવવા માંગતા હોઇએ તો તેવા ગુણોવાળા પુરૂષોની કાર્યવાહક તરીકે વધારે જરૂર છે, આપણે સૌને પણ તેજ ગુણોની હજી પણ વધારે પ્રમાણમાં જરૂર છે. કેટલાક સંજોગોને લઇને જો કે ઘણી ટુંકી મુદતમાં ભરવામાં આવી છે છતાં તે સારી રીતે પાર ઉતરી છે જેથી તેના કાર્યવાહકો ધન્યવાદને પાત્ર છે. ટુંકી મુદતને લઇને, કે મુંબઈ શહેરમાં આ વખતે કાંઇક પ્લેગ વધારે હોવાને લઇને, કે કેટલાક મુશ્કેલીના સંયોગોને લઇને અને અમૂક બાબતનો મતભેદ હોવાથી ઉક્ત મહાન પરિષદ્‌નું કાર્ય નિર્વિઘ્ને પાર પડશે કે કેમ તેની શંકાને લઇને કદાચ ડેલીગેટો કે વીઝીટરોની સંખ્યા પ્રથમ મળેલ મુંબઈની કોન્ફરન્સ કરતાં ઓછી હશે તોપણ આ વખતે થયેલા કાર્યને લઇને ભવિષ્યમાં કોન્ફરન્સ મળવાને નડતી મુશ્કેલીઓ ઓછી થઇ છે, અને તેને કરવામાં આવેલ બંધારણ જોતાં હવે પછી કોન્ફરન્સના સંમેલનો મળી શકશે અને કોઇપણ શહેરમાં લઇ જનાર ત્યાંના સમુદાયને ઓછી મહેનતે, ઓછા ખરચે સરલતાથી તે કાર્ય પાર પાડી શકાશે એમ કહી શકાય તેવું છે.

એટલું તો ચોક્કસ છે કે જનસમાજના કર્તવ્યનું મહાતેજ ઉત્સાહથી એકત્ર થએલા સમાજમાં થાય છે, જેથી વ્યકિત કરતાં સમષ્ટિ પ્રજાનું ઐકય અલૌકિક છે. તેથીજ જૈન સમાજની ધર્મ લક્ષ્મી અને કર્તવ્ય લક્ષ્મીનો પ્રત્યક્ષ અનુભવ કરવો હોય તો ઉત્સાહી હ્રદયવાળા અનેક મનુષ્યોના સમુદાયથી તે સારી રીતે થઇ શકે છે. જે અનુભવ જુદા જુદા મનુષ્યોને થતો નથી તે સાધર્મી બંધુત્વની ભાવના ધારણ કરનારા સમસ્ત જનના પ્રતિનિધિઓના સમવાયના દર્શનથી થાય છે. આવો અનુભવ કરવાનો વખત આપણને આ પહેલાં નવવખત થયો હતો. તેમાં પણ કોમના અંદર અંદરના કંકાશ, ઇર્ષા, કદાગ્રહ. વગેરેને લઇને આપણો ઉદ્ધાર કરનારી આ પરિષદને વચ્ચે થોડી મુદત નિદ્રામાં સુવાડી દીધી હતી તેપણ "જે થાય તે સારા માટે" એ કહેવત મુજબ માની તેમજ સારાભાગ્યે કેટલેક અંશે તટસ્થપણું જાળવી રાખવાથી ( જોકે કેટલીક વ્યકિત માનલોભથી, કીર્તિના પ્રચંડ અભિલાષી બની દુધમાં અને દહીંમાં પગ રાખનારા પછી તેઓ સમત્ત હોય કે અસમત્ત હોય પણ એક વખત એક બાજુના હથીયાર બની જાય તેવા સંજોગોમાં કુસંપની વૃદ્ધિ થયા છતાં બીજી વખત બીજી બાજુએ કાર્ય કરે જાય, આવી સ્થિતિમાં પણ આ સંસ્થાની બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણો સાથે આ કારણે પણ શિથિલતા થયા છતાં ) છેવટે જે ' વસ્તુ સાચી હોય તે સત્યરૂપે રહે' એ કહેવત મુજબ કાળની પણ કાંઇ પરિપકવતા થવાથી તેમજ આવી મહાન સંસ્થાથીજ આ જમાનામાં સમાજનું હિત થઇ શકશે, એવી સમાજમાં મોટાભાગે દ્રઢ લાગણી હોવાથી તેના હિતચિંતકોએ સમયને માન આપી, બહુ આડંબર નહિ કરતાં ટુંક વખતમાં આ દશમું અધિવેશન ( મેળાવડો ) મુંબઈ શહેરમાં કર્યો છે. આવી સ્થિતિ છતાં કોઇ કોઇ વ્યકિતઓ તરફથી કદાચ એવું કહેવા જાણવા કે માનવામાં આવતું હોય કે કેટલીક ખામીઓ અને દોષ છે, તો તે આ સંસ્થાનો નહીં પણ તેના કાર્યવાહકોનો છે, અને જો કાર્યવાહકો માટે તેવી સ્થિતિ લાગતી હોય તો તે સુધારવા, સુચના કરવા, સલાહ આપવા દરેક વ્યકિત ( મુનિમહારાજ કે જૈન બંધુ )નો હક્ક છે. અને તેવી હકીકતો જો હોય તો તે કાર્યવાહકોએ સુધારી સમાજને બતાવી આપવું જોઇએ કે જેમ આ સંસ્થા પવિત્ર–દોષરહિત છે તેમ તેના કાર્યવાહકો પણ સમાજનું હિત ધરાવનારા, ધર્મની પુરી લાગણીવાળા, આત્મભોગ આપનાર, નિઃસ્વાર્થી છે. આવું બતાવવાથી કેટલોક અજ્ઞાન વર્ગ જે માત્ર ઉપલક હકીકતો સાંભળવાથી દુર રહે છે, સંસ્થાના લાભથી અજ્ઞ રહે છે તે તેમાં સમત્ત થતાં કોન્ફરન્સનું કાર્ય વધારે સરલ થતાં તેનો જલદીથી અમલ થશે. પણ તેવા સંયોગમાં સંસ્થાને ખરાબ કહી લોક લાગણી ઉશ્કેરવી, અને તેનાથી દુર રાખવાનો કાંઈપણ પ્રયત્ન જો થતો હોય તો તે કોઇપણ રીતે ઇચ્છવા યોગ્ય નથી. આટલું માત્ર સૂચના રૂપે લખવામાં આવેલ છે.

## આ દશમી કોન્ફરન્સમાં થયેલું કાર્યક્રમ.

ચૈત્ર વદી ૪–૫–૬ તા. ૨૧–૨૨–૨૩ એપ્રીલના રોજ મુંબઇ શહેરમાં ડોકટર બાલાભાઇ મગનલાલ નાણાવટી એલ, એમ, એન્ડ એસ. વડોદરા નિવાસીના પ્રમુખપણા નીચે માધવબાગમાં આ સંમેલન માટે ખાસ ઉભા કરવામાં આવેલા સુશોભિત મંડપમાં શ્રી જૈનશ્વેતાંબર કોનફરન્સની બેઠક મળી હતી. જેમાં શુમારે ત્રણથી ચાર હજાર માણસથી મંડપ ચીકાર ભરાઇ ગયો હતો. રીસેપ્શન કમીટીના મેમ્બરોના દશ રૂપૈયા તથા ડેલીગેટોના ભોજન ખર્ચ સહિત રૂા. પાંચ સિવાય ત્રણ રૂપૈયા અને વીઝીટરના બે રૂપૈયા ફી રાખવામાં આવેલી હોવાથી કોન્ફરન્સના ખર્ચને પહોંચી શકાય તેવું હતું.

### પ્રથમ દિવસ.

સભાનો ટાઇમ શરૂ થતાં સભાપતિ આવી પહોંચતાં તેઓને તાળીઓના અવાજથી વધાવી લેવામાં આવ્યા હતા. કાર્ય શરૂ થતાં પ્રથમ કેટલીએક બાનુઓ તથા કન્યાઓએ મંગળાચણ કરેલું હતું. ત્યારબાદ રીસેપ્શન કમીટીના મુખ્ય સેક્રેટરી મી. મકનજી જુઠાભાઇએ આમંત્રણપત્રિકા વાંચી સંભળાવી હતી. ત્યાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ આવકાર દેનારી કમીટીના પ્રમુખ શેઠ કલ્યાણચંદ સૌભાગ્યચંદે આવકાર આપનારૂં ભાષણ વાંચી સંભળાવ્યું હતું. ( જે ઘણા પત્રોમાં આવી ગયેલું છે ) પરંતુ સદરહુ ભાષણ હર્ષદાયક અને લાગણીવાળું હતું, તેમાં તેઓએ કરેલી કેળવણી સંબંધી તેમજ આપણી ઘટતી જતી વસ્તી સંબંધીના બે સુચનાઓ ખાસ મુદ્દાની, વિચારણીય અને તેના માટે સતત્ ઉપાયો લેવા યોગ્ય છે. આ ભાષણ સમાપ્ત થયા બાદ માસ્તર રતનચંદ તલકચંદની દરખાસ્તથી ( ટુંક વિવેચન સાથે ) અને ડૉકતર જમનાદાસ પ્રેમચંદ, શાહ કુંવરજી આણંદજી, શેઠ લખમશી હીરજી મૈશરી, શાહ દામોદર બાપુશાહ, ઝવેરી દાલચંદજી અને મી. ગુલાબચંદજી ઢઢ્ઢા સાહેબના ટેકા–અનુમોદનોથી ડોકતર બાલાભાઇ મગનલાલ નાણાવટીએ પ્રમુખસ્થાન તાળીઓના અવાજ સાથે લીધું હતું. ત્યારબાદ મી. ઢઢ્ઢાસાહેબે બહારગામથી કોન્ફરન્સ પ્રત્યે દિલસોજી બતાવનારા આવેલા પત્રો તથા તારો વાંચી સંભળાવ્યા હતાં. જેમાં જુનાગઢથી મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજનો પત્ર કે જે કેળવણીને પ્રધાનપદ આપવા, તકરારી બાબતોથી દુર રહેવા વિગેરે બાબતની સૂચનાવાળો અતિ ઉપયોગી ખાસ મનન કરવા લાયક હતો. ત્યારબાદ પ્રમુખ ડોકતર બાલાભાઇએ પોતાનું અસરકારક ભાષણ લંબાણથી વાંચી સંભળાવ્યું હતું જે ઘણાં વર્તમાન પત્રોમાં આવી ગયેલ છે પરંતુ તેના ઉપરથી ઉપજતા વિચારો ટુંકામાં અત્ર રજુ કરવામાં આવે છે.

સભાપતિએ કરેલા ભાષણમાંથી કોન્ફરન્સની જરૂરીયાત, તેને લગતા કાર્યો, ઉદ્દેશ અને તેના ઇતિહાસ ઉપરથી ઘણા પ્રકારનો પ્રકાશ પડે છે. તેમણે પોતાના ભાષણમાં કોન્ફરન્સે અત્યાર સુધીમાં કરેલ કાર્ય જેવા કે તીર્થની પવિત્રતા જળવાઈ રહેવા અને આશાતના ટાળવાનો તેમજ જૈન તહેવાર પળાવવા માટેનો પ્રયાસ, વાંચનમાળામાં દાખલ થયેલા જૈન પાઠો, યુનીવરસીટીમાં દાખલ થયેલ જૈન ગ્રંથો, કેળવણી ફંડ, જૈન ચૈત્ય અને પ્રાચીન સાહિત્યોદ્ધારનો પ્રયાસ, કોમની ડીરેકટરી, મંદિરાવળી તથા ગ્રંથાવળી માટે કરેલો પરિશ્રમ વગેરેનું જે દિગ્દર્શન કરાવ્યું છે, તે કોન્ફરન્સે અત્યારસુધીમાં કરેલું કાર્ય છે. જેથી જે લોકો બોલે છે કે કોન્ફરન્સે કાંઈ નથી કર્યું, તેણે તે લક્ષમાં લેવા જેવું છે. આ કરતા વધારે સારૂં કાર્ય કરવાને, કોમની વધારે ઉન્નતિ કરવાને, કોન્ફરન્સના કાર્યનો મોટો સરવાળો અવલોકવાને કોમમાં સંપ–ઐક્યતા, દઢ લાગણી અને કેળવણીની વૃદ્ધિને માટે અપરિમિત પ્રયાસ કરવાનો છે. કેળવણી (ધાર્મીક અને સામાન્ય શિક્ષણ, સ્ત્રી કેળવણી અને વેપારી કેળવણી વગેરે) કે જેના વિના મનુષ્ય પોતાની ફરજ સમજી શકતો નથી, ઉચ્ચ જીવિત વ્યતિત કરી શકતો નથી અને ધાર્મિક, સામાજીક, શારીરિક તથા આર્થીક સ્થિતિમાં દિનપ્રતિદિન જેનાથી સુધારો થઈ શકે છે, તેવી કેળવણીની દરેકને જરૂર છે. આ ઉપરાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ત્રીઓને પણ ધાર્મિક અને નૈતિક કેળવણીની જરૂર વ્યવહારિક કેળવણી ઉપરાંત છે, કારણ કે ગૃહસંસાર સુધારવાનું, આપણી સંતતિઓને સુશિક્ષિત કરવાનું અને આપણી ભવિષ્યની પ્રજા ઉપર તેમના કુમળા મગજપર શુદ્ધ આચાર, વિચાર અને ઉચ્ચ સંસ્કારો પાડવાનું એટલે કે સર્વ દેશીય ઉન્નતિ માટે સ્ત્રીકેળવણીની આવશ્યકતા છે. વળી દેશવિદેશમાંથી ફરીને ત્યાંની વેપારી રીતભાત જોયા વગર, શાસ્ત્રીય જ્ઞાન સંપાદાન કર્યા વગર વિદેશ સાથે વેપાર સંબંધ બાંધ્યા વગર, દેશમાં ઉદ્યોગ હુન્નરોના સાધનો તૈયાર થઇ શકતા નથી જેથી તેમ કરી દેશને આબાદ, સુખી અને દોલતમંદ બનાવવા માટે પણ તેટલીજ વેપારી કેળવણીની જરૂર છે. વળી ધાર્મિક કેળવણી કે જેના વિનાની બીજી કેળવણી શુષ્ક ગણાય છે અને આત્માની સંપૂર્ણ ઉન્નતિ જેના વિના થઈ શકતી નથી, તેની પણ પ્રથમ દરજ્જે જરૂરીયાત છે. ધર્મતત્ત્વોનું યથાર્થ જ્ઞાન થવા માટે, બીજી જરૂરીયાતો સાથે સમાજમાં ધર્મના તત્ત્વોનું જ્ઞાન સહેલાઇથી સમજાય તેને માટે ગુજરાતી ઇંગ્રેજી અને બીજી ભાષાઓમાં સરલ ભાષાંતર કરાવી નાના પુસ્તકો છુટથી ફેલાવવાની જરૂર છે. અત્યારના સમયને અનુકુલ એવા સ્વરૂપમાં ધાર્મિક સિદ્ધાંતો મુકવાની ખાસ અગત્યતા છે. જો તેમ નહીં કરવામાં આવે તો હવેપછીનો કેળવાતો વર્ગ કદાચ ધર્મના રહસ્યથી વિમુખ થતો જાય એમ શંકા રહે છે માટે તેમ કરવાની જરૂર છે વગેરે કેળવણીની બાબતમાં પ્રેસીડેન્ટના ભાષણમાં કરવામાં આવેલો ઇસારો ખરેખર યોગ્ય અને સમયને અનુસરતોજ છે.

પ્રમુખસાહેબના ભાષણમાં સાધુ, સાધ્વી મહારાજાના અભ્યાસ માટે પણ કહેવામાં આવેલું છે કે, સાધુ મહારાજ માટે એક સ્વતંત્ર પાઠશાળા કે જેમાં જૈન ધર્મના સિદ્ધાંતો અને ક્રિયાના શિક્ષણ ઉપરાંત જુદા જુદા દેશ પરદેશની ભાષા તેમજ વિજ્ઞાનશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના શિક્ષણ માટે સ્થાપવી જોઇએ. હાલના જમાનામાં એકલી ક્રિયાકાંડમાંજ બેસી રહેવા કરતાં ઉપર બતાવેલા જ્ઞાનની પણ જરૂર છે. વળી હરકોઇ માણસ દિક્ષા લે તે પહેલાં તેમણે આ પાઠશાળામાં અમુક અભ્યાસ કરેલો હોવો જોઇએ અને સમાજશાસ્ત્ર, જનસમાજની સેવાના વિવિધ માર્ગોનો અને સાધુધર્મની ક્રિયાવિધિ સંપૂર્ણ રીતે જાણી શકે તેવો અભ્યાસ પ્રથમ કરવાની જરૂર છે. આમ થયા પછી ચારિત્ર લીધેલ મનુષ્ય ધર્મની કેટલી ઉન્નતિ કરી શકે તે સમજી શકાય તેવું છે. વળી આપણો સ્ત્રીસમાજ કેળવણીમાં અને સાંસારિક રીતરીવાજોમાં ઘણો પછાત છે, તેમને ધાર્મિક કેળવણી આપી તેમના હૃદયોને ધર્મસંસ્કારોથી સંસ્કૃત કરનાર, નીતિમય જીંદગી બનાવનાર આપણો સાધ્વી વર્ગ અતિ ઉપયોગી બની શકે તેમ છે. જેથી તેઓશ્રીને માટે ઉત્તમ સાધનો તૈયાર કરી કેળવવામાં આવે તો આપણા પાછળ પડેલા અજ્ઞાન સ્ત્રી સમાજને અનેક પ્રકારે તેઓ લાભ આપી શકે. આ હેતુ પાર પાડવા માટે સાધ્વી મહારાજને પણ આવશ્યક કેળવણી (ધાર્મિક જ્ઞાન ઉપરાંત બીજા ઉપયોગી વિષયોનું જ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તેમને પ્રાપ્ત થાય તેને ) માટે તેવી સંસ્થા ઉઘાડવી જોઇએ અને આપણા સ્ત્રી-સમાજમાં શી શી ખામીઓ છે, તેને દૂર કરવા શા શા ઉપાયો યોજવા જોઇએ, તે જાણવા જેવું જ્ઞાન પણ આપણા સાધ્વીવર્ગને આપવાથી તે દ્વારા આપણા સ્ત્રી-સમાજને ઘણો લાભ થવા સંભવ છે. વગેરે સાધુ સાધ્વી મહારાજાના અભ્યાસ માટે જે કહેવામાં આવેલું છે, તે ખાસ ઉપયોગી અને મનનીય છે.

પ્રાચીન શોધખોળ, પ્રાચીન ચૈત્યોદ્ધાર અને જ્ઞાનોદ્ધાર, જેમાં પ્રથમ પ્રાચીન શોધખોળથી આપણા સનાતન ધર્મ ઉપર ઇતિહાસિક બાબતોથી સારૂં અજવાળું પડી શકે છે તેમજ ચૈત્યોદ્ધાર અને જ્ઞાનોદ્ધાર જે કે આપણા જીવનરૂપ છે તેને માટે પ્રયાસ કરવા પ્રમુખે પોતાના ભાષણમાં જે કહેલું છે કે જેની ખરેખરી જરૂરીયાત છે.

કોન્ફરન્સની આવશ્યકતા માટે સભાપતિએ જણાવેલા વિચારો યોગ્ય છે, અને વિશેષમાં કહેલું છે કે કોન્ફરન્સના કામમાં ન્યુનતા જણાતી હોય, તો તેમની કાર્યશક્તિનો અભાવ, ઉચ્ચાશયની ખામી અગર એવા બીજા કારણોને લીધે નહીં, પણ નાણાંની તંગી અને કોમની પૂર્ણ સહાનુભુતિના અભાવને લીધેજ છે તે ખરે-ખરૂં છે. પરંતુ તેની સાથે એમ પણ જણાય છે કે આવી સમાજથી શા શા લાભ થાય છે, સમૂહના બુદ્ધિ–લક્ષ્મી અને કાર્યબળથી કોમની કેવી પ્રગતિ થાય છે તેવું નહીં સમજનારા અંધ શ્રદ્ધાવાળા બીન અનુભવીઓ જે કે આક્ષેપો કરી રહ્યા છે તેઓ જો યથાર્થ રીતે અંધશ્રદ્ધા છોડી જાણવા માટે દલીલસર ખુલાસો કરે તો કોઇ-પણ વ્યક્તિ આવી સમાજની ઉપર આક્ષેપો મૂકે કે અરૂચી દેખાડે નહીં. ગમે તેમ હોય પણ એટલું તો વિચારણીય છે કે તેના મુખ્ય લીડરો–નાયકો–કાર્યવાહકો, આત્મભોગ આપનારા હોવાજ જોઈએ. માત્ર માન–કીર્તિના લોભી કે તે ન મળે કે બીજી રીતે તેના કાર્યને નહીં ઇચ્છનારાઓ ને હાજી હા કરનારા નહીં હોવા જોઈએ, અને જ્યાં-સુધી તેવી સ્થિતિ હોય, ત્યાંસુધી જલદીથી પ્રગતિ જોઇ શકાય નહીં. હમેશાં જે સંસ્થા, સમાજ કે સમૂહમાં આત્મભોગ આપવા સાથે માત્ર એકજ વિચાર કે કોમ-સમાજનું કલ્યાણજ કેમ થાય તેવું ત્રીકરણયોગે વિચારનાર–પ્રયાસ કરનાર–કાર્ય કરનાર જે જે સમાજમાં હોય કે ઉત્પન્ન થાય તે તે સમાજની પ્રગતિ જલદીથી થાય તેમાં નવાઈ નથી. અધિષ્ટાયક પ્રત્યે અમો તેવા પુરૂષોજ જલદીથી બહોળા પ્રમા-ણમાં ઉત્પન્ન થાય તેવી પ્રાર્થના કરી છેવટે ઇચ્છીશું અને આશા રાખીશું કે, આ મહાન પરિષદના આવા પ્રયાસનું અને પ્રમુખના આ ભાષણનું શુભ પરિણામ આ-પણી કોમના ઉદય માટે હસ્તીમાં આવવા પામે અને જૈન કોમના ધનવાનો, વિ-દ્વાનો અને છેવટે આખો સમાજ તેનો અમલ જલદીથી કરે, એવી બીજી વખત પરમાત્મા પાસે પ્રાર્થના કરી હવે પછી કોન્ફરન્સના બીજા ત્રીજા દિવસોમાં થયેલું કાર્ય જે નીચેના જુદા જુદા ઠરાવો રજુ કરવામાં આવ્યા હતા અને જેના ઉપર જૂદા જૂદા વક્તાઓ એ તેના ઉપર વિવેચન કર્યું હતું. વગેરે–જણાવીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બીજો દિવસ.

## ઠરાવો.

# દશમી શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ મુંબઇ.

દ્વિતીય દિવસ, વીરાત્ ૨૪૪૨, ચૈત્ર વદિ ૫, ૨૨ મી એપ્રીલ, ૧૯૧૬, શનિવાર.

પ્રથમ મંગળાચરણ થયા પછી નીચેના ઠરાવો રજુ થયા હતા.

ઠરાવો ( Resolutions)

૧ રાજનિષ્ઠા ( Loyalty )

હિંદના નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ પ્રત્યે આ શ્વેતામ્બર કોન્ફરન્સ પોતાની અંતઃકરણપૂર્વક ભક્તિ અને રાજનિષ્ઠા જાહેર કરે છે અને હાલની મહાન લડાઇમાં બલપર નીતિનો વિજય થઈ સર્વત્ર સુખ શાંતિ પ્રસરો અને હિંદને ઉચ્ચ પદ મળો એમ ઇચ્છે છે. આ ઠરાવની નકલ મુંબઈ સરકાર દ્વારા મોકલવાની પ્રમુખ સાહેબને સત્તા આપવામાં આવે છે. ( પ્રમુખ તરફથી )

ઠરાવ ૨ જો ધાર્મિક શિક્ષણ Religion ( Education )

ધાર્મિક સંસ્કાર વગરની કોઈપણ જાતની કેળવણી નકામી છે અને હાલ જડવાદનો નિરંકુશ પવન જોસભેર ફેલાય છે તેવા સમયમાં દરેક જૈને ધર્મનું તત્વજ્ઞાન જાણવાની જરૂર છે તેમજ પોતાના કુટુંબમાં અને સમાજમાં ધાર્મિક શિક્ષણનો પ્રસાર કરવાની પણ જરૂર છે તે માટે,

(૧) દરેક સંઘે પોતાના ગામ યા શહેરમાં બાળકો અને બાળાઓ ધાર્મિક શિક્ષણ સહેલાઇથી અને સંગીન રીતે લે તે માટે સુવ્યવસ્થિત જૈનશાળા-કન્યાશાળા સ્થાપવાની અને વિદ્યમાન શાળાઓને સંગીન પાયાપર મૂકવાની જરૂર છે.

(૨) આવી સર્વ જૈન શાળાઓમાં વ્યવસ્થિત શિક્ષણ માટે તેમાં ચલાવવાનાં પુસ્તકો ( ટેક્ષ્ટબુકો ) અને વાંચનમાળા સહેલી ભાષામાં સ્પષ્ટ અર્થ સાથે ઓછી મહેનતે શિખવી શકાય તેવી હાલની શિક્ષણ પદ્ધતિએ રચી તૈયાર કરાવવાની અને તેમાં એક જાતનો ( Uniform ) અભ્યાસક્રમ ઘડી તૈયાર કરવાની જરૂર છે તો તેવો પ્રબંધ કરવાની જૈન એજ્યુકેશન બોર્ડને ભલામણ કરવામાં આવે છે.

(૩) દરેક જૈન શાળામાં તથા વિદ્યાલયમાં બને ત્યાં સુધી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું જ્ઞાન આપવાનું અને ધાર્મિક પુસ્તકાલય રાખવાનું આવશ્યક છે. એપર તેના કાર્યવાહકોનું લક્ષ ખેંચવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) ધાર્મિક શિક્ષકો અને શિક્ષિકાઓ તૈયાર થાય તે માટે ઉચ્ચ સંસ્કૃત–પ્રાકૃત ભાષાનું ધાર્મિક જ્ઞાન જૈન યુવકો અને સ્ત્રીઓને આપવાની જરૂર આ કોન્ફરન્સ સ્વીકારે છે.

દરખાસ્ત મૂકનાર—શેઠ કુંવરજી આણંદજી ( ભાવનગર )

ટેકો આપનાર—પંડિત વ્રજલાલજી ( અમૃતસર )

વિશેષ અનુમોદન— રા. વીરજી ગંગાજર ( મુંબઈ )

**ઠરાવ ૩ જો જૈન એજ્યુકેશન બોર્ડનું કાર્ય** (Function of Jain Education Board)

કેળવણી સંબંધી સર્વ કાર્ય કરવા માટે પુના કોન્ફરન્સ વખતે નિમાયેલી જૈન એજ્યુકેશન બોર્ડે જે કાર્ય આજ દિવસ સુધી કર્યું છે તે માટે આ કોન્ફરન્સ પોતાનો સંતોષ જાહેર કરે છે અને એવીજ બોર્ડ તેના બંધારણ સહિત ( તેની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે નીમે છે અને તે બોર્ડને આ ઠરાવમાં જણાવેલ કાર્યો કરવા સત્તા આપે છે. (નામનું લીસ્ટ સંભળાવવામાં આવ્યું હતું.)

(૧) કાર્યો–જૈનોમાં હસ્તી ધરાવતી ધાર્મિક તેમજ વ્યાવહારિક કેળવણીની સંસ્થાઓ સંબંધે વિગતવાર હકીકત મેળવવી અને તે સારા પાયાપર મૂકાય તેવા પ્રયાસો કરવા.

(૨) દરેક ધાર્મિક પાઠશાળામાં એકજ જાતનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે તેવી ગોઠવણ કરવી.

(૩) જૈન વાંચનમાલા તૈયાર કરવી.

(૪) જીવવિચાર, નવતત્ત્વ, દંડક, ક્ષેત્રસમાસ, સંગ્રહિણી, કર્મગ્રંથ તેમજ પ્રતિક્રમણાદિ પુસ્તકો સરલ અર્થ સહિત હાલની શિક્ષણ પદ્ધતિપર તૈયાર કરવાં યા કરાવવાં.

(૫) ઉપર જણાવ્યા પ્રમાણે એકજ જાતનો અભ્યાસક્રમ જે જે શાળામાં ચાલે તેની વાર્ષિક પરીક્ષા એકી વખતે લેવી.

(૬) તેવી વાર્ષિક પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર ( સર્ટીફિકેટ ) ઈનામો વગેરે આપવાં.

(૭) ગરીબ તથા સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓને વ્યવહારિક શિક્ષણ લેવા માટે સ્કોલરશીપો તથા પુસ્તક ફ્રી વગેરેની મદદ આપવી.

(૮) આવા વિદ્યાર્થીઓને જે જે સ્થળે જૈન બોર્ડિંગ હોય, તેમાં દાખલ કરાવવા પ્રયત્ન કરવો.

(૯) જૈન તીર્થ સ્થલો વગેરેમાંથી જૈનોને આપવાની પહોંચની બુકમાં જૈન કેળવણી માટેનું એક જૂદું કોલમ રાખવા માટે પ્રયત્ન કરવો તેમજ બીજી અનેક રીતે કેળવણીનું ફંડ એકઠું કરવા પ્રયાસ કરવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરખાસ્ત મુકનાર–વકીલ મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ. એલ. બી. (મુંબઇ)
ટેકો આપનાર–રા. રા. બાલચંદ હીરાચંદ (માલેગામ)
વિશેષ અનુમોદન–રા. રા. લહેરૂભાઈ ચુનીલાલ (પાટણ)

**ઠરાવ ૪ થો–જૈન સાહિત્ય પ્રસાર** (Spread of Jain Literature)

(૧) જૈન આગમો પ્રસિદ્ધ કરાવવા તથા જૈન સાહિત્યનો ફેલાવો કરવા આપણા જે જે પૂજ્ય મુનિ મહારાજો પ્રયત્ન કરે છે, તેને માટે આ કોન્ફરન્સ તેઓશ્રીનો આભાર માને છે અને તેવો પ્રયત્ન ચાલુ રાખવા વિનતિ કરે છે.

(૨) જૈન સાહિત્યના પ્રચાર માટે જે જે પુસ્તકપ્રકાશક સંસ્થાઓ અને ગૃહસ્થો પ્રયાસ કરે છે, તેનાં કાર્યની આ કોન્ફરન્સ કદર કરે છે, અને તેમને ધન્યવાદ આપે છે.

(૩) પાટણ, જેસલમીર, ખંભાત, અમદાવાદ, લીંબડી વગેરે સ્થળે આવેલાં પ્રાચીન જૈન ભંડારોમાંથી અલભ્ય અને ઉપયોગી પુસ્તકોની નવી પ્રત લખાવવાની તથા તેને મુદ્રિત કરાવવાની આવશ્યક્તા આ કોન્ફરન્સ સ્વીકારે છે અને નામદાર શ્રીમંત ગાયકવાડ સરકારને પાટણમાં આવેલા આપણા અમૂલ્ય ભંડારોમાંનાં પુસ્તકોનો તેમની આજ્ઞાનુસાર કરવામાં આવેલો રિપોર્ટ તથા તેમાંના જીર્ણ અલભ્ય ગ્રંથો છપાવી બહાર પાડવા અથવા તેવા ગ્રંથોની નકલ કરાવી લેવા આ કોન્ફરન્સ નમ્રતાપૂર્વક વિનંતિ કરે છે અને જૈન સાહિત્યના પ્રચાર અર્થે તે નામદારશ્રીએ જે ઉમદા કામ અત્યાર સુધીમાં કરેલું છે, તેને માટે તેઓશ્રીનો આ કોન્ફરન્સ અંતઃકરણપૂર્વક આભાર માને છે.

દરખાસ્ત મૂકનાર–શા. ચુનીલાલ છગનચંદ શરાફ ( સુરત )
ટેકો આપનાર–રા. ઉમેદચંદ દોલતચંદ બરોડિયા બી. એ. ( મુંબઈ )
વિશેષ અનુમોદન–પંડિત હંસરાજજી ( અમ્રતસર )

**ઠરાવ ૫ મો–માગધી ભાષાનો ઉદ્ધાર** (Resuscitation of Magadhi Language)

આપણાં શાસ્ત્રોની ભાષા માગધી ( પ્રાકૃત ) હોવાથી તે યથાર્થ સમજી શકાય તે માટે તેને સજીવન રાખવાની અતિ આવશ્યક્તા છે માટે

(૧) માગધી ભાષાનો સરલ અભ્યાસ થઈ શકે તેને માટે માગધી (પ્રાકૃત) ભાષાનો કોષ તૈયાર કરાવવા તમામ જૈનોનું લક્ષ આ કોન્ફરન્સ ખેંચે છે, તથા

(૨) માગધી ભાષાનું સંપૂર્ણ વ્યાકરણ સરલ પદ્ધતિએ તૈયાર કરવાની અતિ જરૂર આ કોન્ફરન્સ સ્વીકારે છે અને આ બાબતમાં જે પ્રયાસ અત્યાર સુધીમાં થયો છે તેને માટે ધન્યવાદ આપી તે દિશામાં વધારે પ્રયાસ કરવા ભલામણ કરે છે.

(૩) જૈનો હસ્તક ચાલતી સંસ્કૃત પાઠશાળાઓમાં તેમજ ઉંચી જૈન ધાર્મિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાળાઓમાં માગધી ભાષાનું ખાસ શિક્ષણ આપવું જોઇએ, એવો આ કોન્ફરન્સ આગ્રહ કરે છે.

(૪) હિંદુસ્તાનની જુદિ જુદિ યુનીવર્સીટીઓમાં માગધી ભાષા બીજી ભાષા તરીકે જૈન વિદ્યાર્થીઓ લઇ શકે તેને માટે પ્રયાસ કરવા જૈન સાક્ષરો તથા સંસ્થાઓને આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

દરખાસ્ત મૂકનાર—પંડિત ભગવાનદાસ હરખચંદ ( વળા—કાઠિયાવાડ )

ટેકો આપનાર—રા. ચુનીલાલ મુળચંદ કાપડીયા એમ. એ. બી. એસ. સી. એલ. એલ. બી. ( ખંભાત )

વિશેષ અનુમોદન—પંડિત સુખલાલજી ( લીંબલી—કાઠીયાવાડ )

**ઠરાવ ૬ ઠો—યુનિવરસીટી અને જૈન સાહિત્ય** (The Universities and Jaina Literature )

(૧) મુંબઈ, કલકત્તા તથા મદ્રાસ યુનિવર્સીટીમાં જૈન સાહિત્ય દાખલ થયેલું છે તે ઉપર સમસ્ત જૈન કોમનું લક્ષ આ કોન્ફરન્સ ખેંચે છે અને તે તે યુનિવર્સીટીમાં અભ્યાસ કરનાર જૈન વિદ્યાર્થીઓ જૈન સાહિત્ય લે તે માટે તે વિદ્યાર્થીઓને તથા તેમના વાલીઓને ભાર મૂકી આગ્રહ કરવામાં આવે છે.

(૨) ઉપલી યુનિવર્સીટીઓમાં જે જે જૈન પુસ્તકો દાખલ કરવામાં આવ્યાં છે અને આવે તે પુસ્તકો ટીકા તથા વિવેચન સહિત તૈયાર કરવા જૈન વિદ્વાનોનું અને તેને છપાવી પ્રસિદ્ધ કરવા જૈન સંસ્થાઓ તથા શ્રીમંતોનું લક્ષ ખેંચવામાં આવે છે.

(૩) મુંબઇ યુનિવર્સીટીમાં જૈન સાહિત્ય માટે ખાસ સ્કોલરશીપ સ્વ. શેઠ અમરચંદ તલકચંદ તરફથી સ્થાપવામાં આવી છે તેવી રીતે બીજી યુનિવર્સીટીમાં પણ સ્કોલરશીપો સ્થાપવા જૈન શ્રીમંતોને ભલામણ કરવામાં આવે છે.

(૪) નવીન સ્થાપિત થયેલ હિંદુ યુનિવર્સીટીમાં જૈન સાહિત્ય દાખલ થાય, તે માટે ફંડ વગેરેની સગવડ કરી આપવાની અને સ્કોલરશીપ સ્થાપવાની આપણી ફરજ છે એમ આ કોન્ફરન્સ માને છે અને તે પ્રમાણે ફંડ સ્કોલરશીપ વગેરેનો પ્રબંધ કરવા જૈન શ્રીમંતો તથા સંસ્થાઓને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

(૫) જૈન સાહિત્યના પુસ્તકો અનેક છે તેમાંથી સારામાં સારાં પુસ્તકોની યુનિવર્સીટીના અભ્યાસક્રમમાં ચુંટણી થાય તે માટે ઉત્તમ પુસ્તકો જૈન જાહેર સંસ્થાઓએ તેમજ શ્રીમંતોએ જૂદી જૂદી યુનિવર્સીટીને ભેટ, આપવાં એવી, આ કોન્ફરન્સ ભલામણ કરે છે.

દરખાસ્ત કરનાર—વકીલ લખમશી હીરજી મૈશરી બી. એ. એલ. એલ. બી. (મુંબઇ)

ટેકો આપનાર—વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી. એ. એલ. એલ. બી. (સાદરા)

**ઠરાવ ૭ મો—સામાન્ય શિક્ષણ** General Education)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સમાજમાં એક પણ જૈન કેળવણીથી બેનસીબ રહે નહિ એવી સ્થિતિ લાવવાની ખાસ અગત્ય છે તો તે માટે આ કોન્ફરન્સ ભલામણ કરે છે કે.—

(૧) પ્રત્યેક જૈને પોતાની પુત્રી અને પુત્રોને વ્યવહારિક શિક્ષણ અવશ્ય આપવું.

(૨) દરેક સ્થળના આગેવાન જૈનોએ પોતાના સ્થાનિક વિદ્યાર્થીઓને શિક્ષણ લેવા માટેનાં દરેક સાધનો જેવાં કે ફી, ચોપડીઓ વગેરે પૂરા પાડવા પ્રબંધ કરવો.

(૩) હિંદનાં મુખ્ય મુખ્ય શહેરો કે જ્યાં કેળવણી લેવાનાં સારાં સાધનો હોય ત્યાં જૈન વિદ્યાર્થીઓને માટે જૈન શ્રીમંતો તથા નેતાઓએ બોર્ડિંગ સ્થાપવી.

(૪) ઉચ્ચ શિક્ષણ લેવા ઉત્સુક જૈન વિદ્યાર્થીઓને અને ખાસ કરીને ગ્રેજ્યુએટ થયા પછી દેશપરદેશ અભ્યાસ આગળ વધારવા ઇચ્છનાર વિદ્યાર્થીને મોટી સ્કોલરશિપ જૈન શ્રીમંતો તથા જાહેર સંસ્થાઓએ આપવી.

દરખાસ્ત મુકનાર—વકીલ નંદલાલ લલુભાઈ (વડોદરા)
ટેકો આપનાર—રા. ભોગીલાલ નગીનદાસ (ખંભાત)
વિશેષ અનુમોદન—રા. વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી (ભાવનગર)
,, —રા. વેલચંદ ઉમેદચંદ મહેતા (પાલણપુર)
,, —રા. શામજી લધા.
,, —રા. નગીનચંદ પુનમચંદ નાણાવટી ( પેથાપુર )

**ઠરાવ ૮ મો—વ્યાપારી શિક્ષણ ( Commercial Education )**

હાલના જબરી હરીફાઈના જમાનામાં જૈન કોમનો અસલી દરજ્જો જાળવી રાખવા માટે નીચેના ઉપાયોની જરૂર છે, તો તે પર આ કોન્ફરન્સ સર્વ જૈનોનું લક્ષ ખેંચે છે.

(૧) જૈનોના હસ્તક હાલમાં જે જે રોજગાર છે તેને કાયમ રાખી આબાદ કરવા માટે તે તે ધંધાના અગ્રેસરોએ પ્રયત્ન કરવા.

(૨) જૈન વેપારીઓએ પોતાના વેપારમાં સ્વધર્મી સુશિક્ષિત યુવાનોને દાખલ કરી તેમાં કુશલ બનાવી સામેલ કરવા.

(૩) પાશ્ચિમાત્ય વ્યાપારીઓ પોતાના વેપારને આબાદ અને વિસ્તારવાળો જે જે રીતે બનાવે છે તે તે રીતિઓ જાણી તેનું અનુકરણ હિંદના વેપારના સંજોગોને ધ્યાનમાં રાખી કરવું એ જૈન વેપારીઓનું કર્તવ્ય છે એમ સમજવું.

(૪) ઉંચા વેપારી શિક્ષણ પ્રત્યે જૈન વિદ્યાર્થીઓનું લક્ષ ખેંચવું અને વેપારી કોલેજમાં તેઓ અભ્યાસ કરે તે માટે ખાસ સ્કોલરશીપો સ્થાપવી.

(૫) ઉંચું શિક્ષણ ઘણું મોંઘું હોવાથી સામાન્ય સ્થિતિના જૈનો સામાન્ય શિક્ષણ લઇને પોતાની આજીવિકા આબરૂસર ચલાવી શકે તે માટે તેઓ સારૂ, દેશી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામાના વર્ગો એટલે સ્વદેશી હિસાબ પદ્ધતિનું શિક્ષણ આપનાર કલાસ જૈન શ્રીમંતો અને જૈન જાહેર સંસ્થાઓએ ખોલવા.

દરખાસ્ત મુકનાર—રા. મણીલાલ બાલાભાઇ નાણાવટી એમ. એ. એલ. એલ. બી. ( વડોદરા )

ટેકો આપનાર—રા. હીરાચંદ લીલાધર ઝવેરી ( જામનગર )

વિશેષ અનુમોદન—રા. હાથીભાઇ કલ્યાણજી ( કચ્છ—માંડવી )

" રા. વીરજી રાજપાળ માસ્તર ( મુંબઇ )

## તૃતીય દિવસ, વીરાત્ ૨૪૪૨, ચૈત્ર વદિ ૬, ૨૩ મી એપ્રીલ, ૧૯૧૬, રવિવાર.

પ્રથમ મંગળાચરણ કર્યા બાદ નીચેના ઠરાવો રજુ થયા હતા.

### ઠરાવો ( Resolutions. )

**ઠરાવ ૯—જૈનો માટે કેળવણી સબંધી જુદાં કોલમ** (Separate Columns for Jainas.)

મુંબઇ ઇલાકાના કેળવણી ખાતાના ઉપરી અધિકારીએ મુંબઇ ઇલાકાની કોલેજોમાં, હાઇસ્કુલોમાં, પ્રાથમિક શાળાઓમાં અને ખાસ ( Special ) સ્કુલોમાં ભણતા જૈન વિદ્યાર્થીઓને લગતા અલગ આંકડા પોતાના રિપોર્ટમાં બહાર પાડવા કબુલ કર્યું છે તે માટે આ કૉન્ફરન્સ પોતાનો સંતોષ જાહેર કરેછે અને તેવીજ રીતે જૈન વિદ્યાર્થીઓને માટે અલગ આંકડા પોતાના રિપોર્ટમાં બહાર પાડવા બીજા ઇલાકાઓના કેળવણી ખાતાના ઉપરી અધિકારીઓને આ કૉન્ફરન્સ વિનંતિ કરે છે તેમજ જૈન વિદ્યાર્થીઓને માટે પોતાના ફોર્મોમાં ખાસ જુદું કોલમ રાખવા હીંદી સરકારને આ કૉન્ફરન્સ અરજ કરે છે.

### ( પ્રમુખ તરફથી )

**ઠરાવ ૧૦ મો—જૈન પ્રાચીન શોધખોળ ખાતું.** ( Archaeology )

જૈન પ્રાચીન મકાનો અને શિલાલેખો, વિગેરે સારી રીતે મરામત પામી ચિરકાલ સુસ્થિતિમાં રહે અને તેનો પ્રાચીન ઇતિહાસ જળવાઇ રહે તે માટેની જરૂર આ કોન્ફરન્સ સ્વીકારે છે અને એવા પ્રાચીન શિલાલેખો વિગેરે ઉતરાવીને તેનો સંગ્રહ કરવાનો અને તે સાથે આપણો પ્રાચીન ઇતિહાસ શૃંખલાબદ્ધ મેળવી શકવા માટે તેવો સંગ્રહ છપાવીને પ્રગટ કરવાનો ઠરાવ કરે છે.

### પ્રમુખ તરફથી.

**ઠરાવ ૧૧ મો—કૉન્ફરન્સનું બંધારણ** ( Constitution of the Conference. )

૧ ઉદ્દેશ:—આ કૉન્ફરન્સ કે જેનું નામ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ રાખવામાં આવ્યું છે, તેનો ઉદ્દેશ જૈન કોમ અને જૈનને લગતા કેળવણીના પ્રશ્નો સંબંધમાં તેમજ ધાર્મિક, સામાજિક, આર્થિક અને બીજા જૈન કોમ અને ધર્મ સંબંધી સવાલો ઉપર વિચાર ચલાવી યોગ્ય ઠરાવો કરવાનો અને તે ઠરાવોને અમલમાં મુકવા માટે યોગ્ય ઉપાયો યોજવાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ **કાર્ય વિસ્તારઃ**—સમસ્ત જૈન કોમને લાગુ પડતા સવાલોજ કૉન્ફરન્સ હાથ ધરશે.

૩ **અધિવેશનઃ**—કૉન્ફરન્સની આગલી બેઠક વેળાએ ઠરાવવામાં આવેલ વખતે અને સ્થળે આ કૉન્ફરન્સ સાધારણ રીતે દર બે વરસે એક વખત ભેગી મળશે. જો એવો કોઇપણ ઠરાવ આગલી બેઠક વેળાએ કરવામાં આવેલો નહીં હશે, તો કૉન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટી એ બાબત નક્કી કરશે. તેમજ જ્યારે સ્ટેન્ડીંગ કમિટીને ફેરફાર કરવો જરૂરી અથવા ઇચ્છવા જોગ જણાશે ત્યારે કૉન્ફરન્સ ભરવાનો વખત તથા જગ્યા તે બદલી શકશે.

૪ **પ્રતિનિધિઃ**—આ કૉન્ફરન્સ પ્રતિનિધિઓથી બનશે. પ્રતિનિધિઓ નીચેના થઇ શકશે.

(૧) કોઈપણ શહેર કે ગામનો સંઘ યા સભા કે મંડળ જે યોગ્ય ગૃહસ્થને પ્રતિનિધિ તરીકે નિમી મોકલે તે, (૨) ગ્રેજ્યુએટો જેની અંદર કોઇપણ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટો તેમજ બૅરીસ્ટર, હાઇકોર્ટ પ્લીડર, ડિસ્ટ્રીકટ પ્લીડર, એંજીનિયર, અને આસિસ્ટંટ સર્જનનો સમાવેશ થાય છે. (૩) જૈન પેપર અને માસિકોના અધિપતિઓ.

**નોટઃ**—પ્રતિનિધિની ઉમ્મર ૧૮ વર્ષથી ઓછી હોવી ન જોઇએ તથા સભા કે મંડળ ઓછામાં ઓછું એક વર્ષનું જુનું હોવું જોઇએ.

૫ **પ્રતિનિધિ પ્રમાણઃ**—દરેક શહેર કે ગામના સંઘે યા સભા કે મંડળે પ્રતિનિધિઓની નિમણુક કરતી વખતે નીચેનું પ્રમાણ ધ્યાનમાં રાખવું.

(૧) જે શહેર કે ગામમાં જૈન ઘરની સંખ્યા સોથી વધારે ન હોય. ત્યાંના સંઘે પાંચ પ્રતિનિધિથી વધારે ન ચુંટવા.

(૨) જે શહેર કે ગામની અંદર જૈનોના સોથી વધારે ઘર હોય ત્યાંના સંઘે દર સો ઘર દીઠ પાંચના પ્રમાણમાં પ્રતિનિધિ ચુંટવા.

(૩) દરેક સ્થળની સભા કે મંડળ ઓછામાં ઓછો એક અને વધારેમાં વધારે પાંચ પ્રતિનિધિઓ ચુંટી શકશે.

૬ **પ્રતિનિધિની ફીઃ**—પ્રતિનિધિની ફી રૂ. ૩) અને ભોજન સહિત રૂ. ૫) રાખવી.

૭ **સબ્જેકટસ કમિટીઃ**—કૉન્ફરન્સના અધિવેશનમાં રજુ કરવાના ઠરાવો ઘડી કાઢવા, વકતાઓની ચુંટણી કરવા, અને સ્ટેન્ડીંગ કમિટીના મેંબરોનાં નામો નક્કી કરવા માટે કૉન્ફરન્સની બેઠકના પહેલા દિવસે સબ્જેકટસ કમિટી નિમવામાં આવશે.

સબ્જેકટસ કમિટીની ચુંટણીમાં દરેક પ્રાંતનું પ્રતિનિધિત્વ આવી શકે, તે માટે નીચેના નિયમો ધ્યાનમાં રાખવા. રિસેપ્શન ( સ્વાગત ) કમિટીમાંથી ૨૫ મેમ્બરો. જે પ્રાંતમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૉન્ફરન્સ ભરાય તે પ્રાંતમાંથી ૨૦ વધારે મેમ્બરો, ગ્રેજ્યુએટોમાંથી ૧૫, અધિપતિઓમાંથી ૪, કૉન્ફરન્સના અગાઉના પ્રમુખો અને ચાલુ જનરલ સેક્રેટરીઓ અને આસિસ્ટંટ જનરલ સેક્રેટરીઓ. પ્રતિનિધિઓમાં વિભાગવાર નીચે પ્રમાણે મેમ્બરો લેવાં. ૧. બંગાળા ૫, ૨ બીહાર ઓરીસા ૨, ૩ સંયુક્ત પ્રાંતો ૫, ૪ પંજાબ (ઉત્તર પશ્ચિમ સરહદના પ્રાંતો સાથે) ૭, ૫ સિંધ ૨, ૬ કચ્છના ૧૨, ૭ પૂર્વ કાઠીઆવાડ ૧૫, ૮ પશ્ચિમ કાઠીઆવાડ ૧૫, ૯. ઉત્તર ગુજરાત ૨૫, ૧૦ દક્ષિણ ગુજરાત ૨૦, ૧૧ મુંબઇ ૨૦, ૧૨ મહારાષ્ટ ૫, ૧૩ દક્ષિણ મહારાષ્ટ ૫, ૧૪ મદ્રાસ ઇલાકો (મહીસૂર સાથે) ૩, ૧૫ નિઝામ રાજ્ય ૨, ૧૬ મધ્યપ્રાંત (બીરાર સાથે) ૭, ૧૭ મધ્યહિંદ–પૂર્વ વિભાગ ૩, ૧૮ મધ્ય હિંદ–માળવા ૭, ૧૯ મારવાડ ૭, ૨૦ મેવાડ ૫, ૨૧ પૂર્વ રાજપુતાનાનાં રાજ્યો ૫, ૨૨ અજમેર મેરવાડા ૪, ૨૩ બરમા ૫, ૨૪ એડન ૧, અને ૨૫ આફ્રિકા ૨, ૨૬. દિલ્હી ૫. સબ્જેક્ટસ કમિટિમાં પ્રમુખ તરીકે કૉન્ફરન્સના પ્રમુખ કાર્ય કરશે, અને તેની ગેરહાજરીમાં રિસેપ્શન કમિટીના પ્રમુખ કાર્ય કરશે.

રિસેપ્શન કમિટિએ, ગ્રેજ્યુએટોએ અને અધિપતિઓએ અને ઉપલા દરેક વિભાગના પ્રતિનિધિઓએ કૉન્ફરન્સના પહેલા દિવસે સબ્જેક્ટસ કમિટીમાં પોતા તરફથી જે સભાસદ નિમવા માંગતા હોય, તેનાં નામો રિસેપ્શન કમિટીના સેક્રેટરીને લખી મોકલવાં.

સબ્જેક્ટસ કમિટી માટે જો તેવાં નામો નિમાઈને લિખિતવાર ન આવે તો હાજર રહેલા પ્રતિનિધિઓમાંથી જનરલ સેક્રેટરીઓ તેવી ચુંટણી કરશે.

જરૂર પડતાં પ્રમુખ સાહેબ પોતા તરફથી ૫ સુધી સભાસદ સબ્જેક્ટસ કમીટીમાં નીમી શકશે.

૮ **કયા ઠરાવો કૉન્ફરન્સમાં રજુ થઇ શકે?**—ઉપર જણાવેલી રીતે બનેલી સબ્જેક્ટસ કમિટીમાં હાજર થયેલ મેમ્બરોનો ¾ ભાગ જેની તરફેણમાં હોય તેજ ઠરાવો કૉન્ફરન્સમાં રજુ થશે.

૯ **સ્ટેન્ડિંગ કમિટીનું કાર્ય:—નીચે જણાવેલાં કાર્યો માટે** કોન્ફરન્સની બેઠક વેળાએ એક સ્ટેન્ડિંગ કમિટી નિમવામાં આવશે.

(૧) કોન્ફરન્સે પોતાની બેઠક વેળાએ જે ઠરાવો પસાર કર્યા હોય, તે અમલમાં મૂકવા.

(૨) કોન્ફરન્સની આવતી બેઠક ભરવા માટે ગોઠવણ કરવા.

(૩) કોન્ફરન્સમાં જોઈતાં નાણાં ભેગાં કરવા તથા ખર્ચ કરવા.

(૪) કોન્ફરન્સને સોંપેલાં નાણાં તથા સખાવતોનો વહીવટ કરવા.

(૫) અને સામાન્ય રીતે કોન્ફરન્સના ઉદ્દેશ અનુસાર દરેક કાર્ય કરવાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૦ સ્ટેન્ડિંગ કમિટીની નિમણુંકઃ—**

દર કોન્ફરન્સની બેઠક વખતે સબ્જેકટ કમિટી જેઓનાં નામો સૂચવે તે ગૃહસ્થોની તેમની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે, લગભગ સોની સંખ્યા સુધીની એક સ્ટેન્ડીંગ કમિટી બનશે, અને તે નામો કોન્ફરન્સની બહાલી માટે રજુ કરવામાં આવશે.

સ્ટેન્ડીંગ કમિટીમાં દરેક પ્રાંતનું પ્રતિનિધિત્વ આવી શકે તે માટે નીચેનું પ્રમાણ ધ્યાનમાં રાખવુ.

૧. બંગાળા ૪, ૨. બીહાર ઓરીસા ૧, ૩. સંયુકત પ્રાંતો ૪, ૪. પંજાબ ( ઉત્તર પશ્ચિમ સરહદના પ્રાંતો સાથે ) ૪, ૫. સિંધ ૧, ૬. કચ્છ ૭, ૭. પૂર્વ કાઠીઆવાડ ૭, ૮. પશ્ચિમ કાઠીઆવાડ ૭, ૯. ઉત્તર ગુજરાત ૧૨, ૧૦. દક્ષિણ ગુજરાત ૧૦, ૧૧. મુંબઈ ૨૫, ૧૨. મહારાષ્ટ્ર ૫, ૧૩. દક્ષિણ મહારાષ્ટ્ર ૨, ૧૪. મદ્રાસ ઈલાકો ( મહીસુર સાથે ) ૧, ૧૫. નિઝામ રાજ્ય ૧, ૧૬. મધ્ય પ્રાંત ( બીરાર સાથે ) ૩, ૧૭. મધ્યહિંદ—પૂર્વ વિભાગ ૧, ૧૮. માળવા ૨, ૧૯. મારવાડ ૨, ૨૦. મેવાડ ૨, ૨૧. પૂર્વ રાજપુતાનાનાં રાજ્યો ૨, ૨૨. અજમેર મેરવાડા ૨, ૨૩. બરમા ૨, ૨૪. દિલ્હી ૧,

આ કમિટીનું મુખ્ય સ્થળ મુંબઈ રાખવું. જરૂરી પ્રસંગે તેની અંદરના બહારગામના સભ્યોને પત્રદ્વારા અભિપ્રાય પૂછવો અથવા આમંત્રણ કરીને કોઇપણ એક સ્થળે બોલાવવા, તથા આ કમિટીનું કામ સરળતાથી થાય, તે માટે પેટા નિયમો કરવા તે કમિટીને સત્તા આપવી.

સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગ વરસમાં ઓછામાં ઓછી એકવાર અનુકુળ સ્થળે બોલાવવી.

કોઈપણ અગત્યના પ્રશ્નો સંબંધે વિચાર કરવા ઓછામાં ઓછા આ કમિટીના પંદર મેમ્બરોની સહીવાળું રેકિવઝિશન આવે તો રેસિડંટ જનરલસેક્રેટરી બનતી ત્વરાએ સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગ બોલાવશે.

**૧૧ જનરલ સેક્રેટરીઓઃ**—નિમાયેલ સ્ટેન્ડીંગ કમિટીમાંથી કોન્ફરન્સની બેઠક વખતે ચાર જનરલ સેક્રેટરીઓની નીમણુંક કરવામાં આવશે, જેમાંથી એક મુંબઈના રહેવાસી હોવા જોઇએ. મુંબઈમાં રહેતા જનરલ સેક્રેટરી રેસીડંટ જનરલ સેક્રેટરીના નામથી ઓળખાશે.

**૧૨ આસિ. જનરલ સેક્રેટરીઓઃ**—નીમાયેલ સ્ટેન્ડીંગ કમિટીમાંથી કોન્ફરન્સની બેઠક વખતે ચાર આસિસ્ટંટ જનરલ સેક્રેટરીઓની નીમણુંક કરવામાં આવશે.

**૧૩ પ્રાંતિક કમિટીઓઃ**—સ્ટેન્ડીંગ કમિટીના મેંમ્બરો પોતપોતાના પ્રાંત માટે અને તેવી કમિટી મારફત જનરલ સેક્રેટરીઓએ કોન્ફરન્સને લગતાં કાર્યો કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા ઠરાવો અમલમાં મૂકવા પ્રયત્નો કરવા. જરૂર પડતાં આવી કમીટીઓ બીજી પેટા કમીટીઓ નીમી શકશે. પ્રાંતિક કમિટીઓએ પોતાના પ્રાંતમાં કોન્ફરન્સનું કામકાજ કરવા માટે એક સેક્રેટરી નીમવો. અને જો તેવી નીમણુંક કોન્ફરન્સના અધિવેશન પછી એક મહિનામાં ન થાય, તો રેસીડંટ જનરલ સેક્રેટરી તેવી નિમણુંક કરશે.

૧૪ **કોન્ફરન્સના પ્રમુખની નિમણુંક:**—જ્યાં કોન્ફરન્સનું અધિવેશન થવાનું હોય, ત્યાંની રિસેપ્શન કમિટી જનરલ સેક્રેટરીઓની સલાહ લઈને અધિવેશનના પ્રમુખ નીમી શકશે.

૧૫ **કોન્ફરન્સ હેડ ઓફીસ:**—કોન્ફરન્સની હેડ ઓફીસ મુંબઈમાં રેસીડંટ જનરલ સેક્રેટરીની દેખરેખ નીચે રહેશે અને સ્ટેન્ડીંગ કમિટીના મુંબઈના મેંબરોની સલાહ લઇ પોતાનું કાર્ય કરશે, અને તેની મીટીંગમાં બહારગામના સ્ટેન્ડીંગ કમિટીનાં મેંબર મુંબઇમાં હોય ત્યારે તેભાગ લઇ શકશે.

૧૬ **સખાવતો:**—કોન્ફરન્સના ઉદ્દેશ અને કાર્યોને અંગે જે જે સખાવતો જાહેર કરવામાં આવશે તેનો વહીવટ જનરલ સેક્રેટરીઓ સ્ટેન્ડીંગ કમિટી દ્વારા કરશે. તે સિવાયની બીજી કોઇ પણ સખાવતો જાહેર કરવા દેવામાં આવશે નહીં.

૧૭ **રિપોર્ટ તથા હિસાબ:**—રેસીડંટ જનરલ સેક્રેટરી કોન્ફરન્સને લગતા દરેક કામકાજનો રિપોર્ટ દરેક જનરલ સેક્રેટરી તથા પ્રાંતિક કમિટીઓના સેક્રેટરીઓ પાસેથી વિગતો મંગાવી તૈયાર કરશે અને તેનો હિસાબ ઑડિટ કરાવશે. અને તે રિપોર્ટ તથા હિસાબ છપાવી બહાર પાડી કોન્ફરન્સના અધિવેશન વખતે રજુ કરશે.

## કોન્ફરન્સની બેઠક વેલાએ કામકાજ ચલાવવાના કાનુનો.

૧ કોન્ફરન્સની દરેક બેઠક સ્વાગત કમિટીએ જાહેર કરેલા વખતે અને જ-ગ્યાએ મળશે.

૨ કોન્ફરન્સના પહેલા દિવસનું કામકાજ બનતાં સુધી નીચે મુજબ રહેશે.

(ક) સ્વાગત કમિટીના પ્રમુખ તરફનું પ્રતિનિધિઓને આવકાર આપનારૂં ભાષણ.

(ખ) કોન્ફરન્સના નિમાયેલા પ્રમુખનો યથાવિધિ સ્વીકાર અને તેમનું ભાષણ.

(ગ) કોન્ફરન્સનાં કામકાજનો રિપોર્ટ.

(ઘ) સબ્જેક્ટસ કમિટીની ચુંટણી.

૩ કોન્ફરન્સની દરેક બેઠક શરૂ થાય તે આગમજ બની શકે ત્યાં સુધી તે દિવ-સના કામકાજમાં કાર્યક્રમની છાપેલી નકલ સેક્રેટરીઓ પહોંચશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ કોન્ફરન્સ સન્મુખ જે ભાષણો થાય તે ઉપર અથવા તેમાં દર્શાવેલા વિચારો ઉપર કોઈ પણ પણ જાતનો વાદવિવાદ ચલાવવા દેવામાં આવશે નહીં.

૫ કાનુનને લગતા અને કામકાજ ચલાવવાની રૂઢીને લગતા સઘળા સવાલોનો પ્રમુખ પોતે વગર ઢીલે નિર્ણય કરશે અને તેમનો નિર્ણય સઘળા દાખલાઓમાં છેવટનો અને બંધનકર્તા ગણાશે.

૬ કાંઈ ગંભીર ગડબડને લીધે અથવા બીજા કોઇ ચોક્કસ કારણસર, ચોક્કસ વખત સુધી અથવા કોઇ પણ દિવસ નક્કી કર્યા વિના કોન્ફરન્સ મુલતવી રાખવાની સત્તા પ્રમુખને રહેશે.

૭ કાર્યક્રમમાં જે અનુક્રમ રાખ્યો હોય તે અનુક્રમમાં ફેરફાર કરવાની પ્રમુખને સત્તા છે.

૮ કોઇ પણ ઠરાવ રજુ કરવા માટે તેની દરખાસ્ત મુકનાર, તેને ટેકો આપનાર અને તેને તેના વધુ સમર્થન માટે અનુમોદન આપનાર સબ્જેકટસ કમિટીએ ચુંટી કાઢેલા પ્રતિનિધિઓ હોવા જોઇએ. તે સિવાય કોઇ બીજાને બોલવા દેવાની રજા આપવી કે ન આપવી તે પ્રમુખની મુનસફી ઉપર છે.

૯ સબ્જેકટસ કમિટીએ દરખાસ્ત મુકનાર અને ટેકો આપનારનાં નામ સાથે મુકરર કરેલા ઠરાવ પણ પ્રમુખને યોગ્ય જણાય તો તે પોતા તરફથી રજુ કરી શકશે અને તેમાં કોઇ પણ વાંધો લઈ શકશે નહીં.

૧૦ સઘળા બોલનારાઓને અમુક વખત સુધીજ બોલવા દેવાની, તેમજ વળી કોઇ પણ બોલનારને કાનુનસર વર્તવા કહેવાની તથા જો કોઈ બોલનાર પ્રમુખ તરફની ચેતવણી છતાં ચર્ચાના નિયમોનું ચાલુ ઉલ્લંઘન કરે તો તે ઠરાવેલા વખતની હદ પુરી થાય તે અગાઉ પણ વધુ બોલતા અટકાવવાની કોન્ફરન્સના પ્રમુખને સત્તા રહેશે.

૧૧ કોન્ફરન્સના કાર્યને વિઘ્ન કરનાર યા કાનુનનો ભંગ કરનાર કોઈપણ પ્રતિનિધિ કે પ્રેક્ષકને કારણ જણાવ્યા કે ફરી પાછી આજ્ઞા વગર મંડપ છોડી જવાનું ફરમાન પ્રમુખને કરવાની સત્તા છે.

૧૨ સ્વાગત કમિટી તરફથી નક્કી કરવામાં આવે તે કરારો અને સરતો મુજબ પ્રેક્ષકોને કોન્ફરન્સની બેઠકો વેળાએ તેઓ માટે રાખવામાં આવેલા એલાયદા ભાગમાં હાજર રહેવા દેવામાં આવશે. તેઓને ફરી આજ્ઞા સિવાય સભા છોડી જવાને કોન્ફરન્સના પ્રમુખ કોઈ પણ વખતે ફરમાવી શકશે.

## ( પ્રમુખ તરફથી. )

**ઠરાવ ૧૨ મો—સ્ત્રી શિક્ષણ ( Female Education. )**

જૈન સમાજમાં સ્ત્રી શિક્ષણનો સર્વત્ર પ્રચાર કરવા માટે આ કોન્ફરન્સ નીચેની જરૂરીઆતો સ્વીકારે છે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) દરેક જૈને પોતાની પુત્રીને ઓછામાં ઓછું લખતાં અને વાંચતાં આવડે તેટલું તેમજ સામાન્ય ગણિતનું જ્ઞાન આપવા અવશ્ય પ્રબંધ કરવો.

(૨) જેનાથી બની શકે તે દરેક જૈને પોતાની પુત્રીને માધ્યમિક ( Secondray ) અને ઉચ્ચ ( Higher ) શિક્ષણ આપવું અને તેવું શિક્ષણ પોતાની પુત્રી લઈ શકે તે માટે તેનાં લગ્ન તેની નાની ઉમરમાં નહિં કરવાં.

(૩) જે જે સ્થળે જૈનોની સારી સંખ્યા છે તે તે સ્થળે જો સાર્વજનિક કન્યાશાળા ન હોય તો ત્યાં પોતાની તરફથી કન્યાશાળા સ્થાનિક અગ્રેસરોએ ખોલાવવા ગોઠવણ કરવી તેમજ,

(૪) મોટી ઉમરની શ્રાવિકાઓને બપોરના ફુરસદના વખતમાં વ્યવહારોપયોગી સામાન્ય જ્ઞાન આપવા માટે સ્થલે સ્થલે ખાસ વર્ગ ખોલવાની જરૂર છે કે જે ખાસ વર્ગોમાં આરોગ્ય વિદ્યાનાં મૂળતત્ત્વો, દરદીની સારવાર અને અકસ્માત વખતે લેવા જોઈતા તાત્કાલિક ઈલાજ ભરત ગુંથણ ઇત્યાદિનું શિક્ષણ મળે તેમ કરવું.

(૫) જૈન કન્યાશાળા તેમજ શ્રાવિકાશાળા માટે સ્રીશિક્ષકો મેળવવા અર્થે એ ખાસ જરૂરીનું છે કે શ્રાવિકાઓ અને ખાસ કરીને વિધવાઓએ ફિમેલ ટ્રેઇનિંગ કોલેજમાં મોટા પ્રમાણમાં દાખલ થઇ અભ્યાસ કરવો અને તેવી અભ્યાસ કરતી સ્રીઓને જે જે પ્રકારની સગવડો જોઇએ તે સ્કોલરશિપ વગેરેથી પુરી પાડવી.

દરખાસ્ત મુકનાર—રા. સારાભાઇ મગનલાલ મોદી બી. એ. ( અમદાવાદ )

ટેકો આપનાર—રા. મણીલાલ મોહનલાલ પાદરાકર.

વિશેષ અનુમોદન—રા. મુલચંદ આશારામ વૈરાટી. ( અમદાવાદ )

„ રા. લલ્લુભાઈ કરમચંદ દલાલ ( મુંબઈ )

**ઠરાવ ૧૩ મો—સુકૃત ભંડાર ફંડ—( Sukrita Bhandar Fund )**

આ કોન્ફરન્સ દઢતાથી આગ્રહ કરે છે કે દરેક વર્ષે દરેક શ્રાવક શ્રાવિકાઓએ ઓછામાં ઓછા ચાર આના શ્રી સુકૃત ભંડાર ફંડમાં દેવાજ જોઇએ કે જે ફંડની આવક કેળવણી અને કોન્ફરન્સના નિભાવમાં વપરાય છે અને જે ફંડની ઉપર કોન્ફરન્સની હયાતી તથા કોન્ફરન્સે ઉપાડેલા કાર્યનો આધાર રહેલો છે.

(૧) આ ફંડમાં અત્યાર સુધી જે જે મહાશયોએ પૈસા ભરી પોતાની સહાનુભૂતિ દર્શાવી છે, તેને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે.

(૨) જે જે સ્થળના સંઘોએ આ ફંડ એકઠું કરી કોન્ફરન્સ ઓફીસપર મોકલવાનો પરિશ્રમ ઉઠાવ્યો છે, તે સર્વેનો આ કોન્ફરન્સ આભાર માને છે.

(૩) પોત પોતાના ગામમાંથી સંવત્ ૧૯૭૨ નું સુકૃતભંડાર ફંડ એકઠું ક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીને જેમ બને તેમ જલદી કોન્ફરન્સ ઓફીસપર મોકલાવી આપે એવી પ્રત્યેક ગામ અને શહેરના સંઘને આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

દરખાસ્ત મુકનાર:—રા. દામોદર બાપુશા. એવલાકર.

ટેકો આપનાર:—શેઠ લાલભાઈ કલ્યાણભાઈ

વિશેષ અનુમોદન:—રા. મણીલાલ મોકમચંદ. મુંબઇ.

**ઠરાવ ૧૪–જૈનો અને હિંદુ યુનિવર્સીટી** (Jainas and the Hindu University)

આપણા ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની જન્મભૂમિ તરીકે પવિત્ર ગણાતી કાશી નગરીમાં હિંદુ યુનિવર્સીટી સ્થાપિત થવાથી આ કોન્ફરન્સ પોતાનો આનંદ પ્રદર્શિત કરે છે અને તેના કાર્યવાહકોને તે માટે ધન્યવાદ આપે છે.

આપણા જૈન વિદ્યાર્થીઓ ઉક્ત યુનિવર્સિટીમાં સારી સંખ્યામાં જોડાય, તેવી આ કોન્ફરન્સ આશા રાખે છે અને હિંદુ યુનિવર્સિટીના કાર્યવાહકો તે વિશ્વવિદ્યાલયમાં હિંદુ ધર્મના અભ્યાસનો પ્રબંધ કરવામાં આવે ત્યારે જૈન ધાર્મિક અભ્યાસ આપવાનો પ્રબંધ કરે એવો આગ્રહ આ કોન્ફરન્સ કરે છે. ( આ ઠરાવની નકલ પ્રમુખ સાહેબની સહી સાથે હિંદુ યુનિવર્સિટીના અધિકારીને મોકલી આપવી. )

દરખાસ્ત મૂકનાર—બાબુ દયાલચંદજી જોહરી. ( આગ્રા. )

ટેકો આપનાર—વકીલ છોટાલાલ ત્રિકમદાસ પારેખ ( વિરમગામ )

**ઠરાવ ૧૫ મો–જૈનોની સંખ્યામાં વૃદ્ધિ કરવાનાં સાધન** ( Means to increase and enlarge Jain Community )

જૈનોમાં બીજી કોમો કરતાં વધુ મૃત્યુ પ્રમાણ રહે છે તો તેને ઓછું કરવા માટે અને જૈનોની સંખ્યામાં વૃદ્ધિ કરવા માટે આ કૉન્ફરન્સ એવું ઇચ્છે છે કે:—

(૧) જે લોકોએ પોતાનો અસલી ધર્મ છોડી અન્ય ધર્મ સ્વીકાર્યો હોય તેને પુન: જૈન ધર્મમાં લાવવાના પ્રયત્ન કરવા.

(૨) જૈન ધર્મમાં રૂચિ રાખનારા ઉચ્ચ વર્ણના આર્યોને આપણા પૂજ્ય મુનિમહારાજોની સંમતિ લઈને જૈન ધર્મમાં દાખલ કરવા માટે પ્રયાસ કરવા.

(૩) આરોગ્ય વિદ્યાના નિયમોનું જ્ઞાન જૈન સમાજમાં સર્વત્ર ફેલાવવું.

(૪) ગીચ વસ્તીવાળાં મોટાં શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગના જૈનોને માટે ખાસ સસ્તા ભાડાની ચાલીઓ યા મકાનો બંધાવવાની જૈન શ્રીમંતોને પ્રેરણા કરવામાં આવે છે.

(૫) જૈનોનું મૃત્યુ પ્રમાણ વધારે હોવાથી તે અટકાવવા માટે ઉપાય સૂચવવા સુજાનગઢ ખાતે ભરાયેલી કૉન્ફરન્સ વખતે જે કમીટી નીમાણી હતી. તેનો રીપોર્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કૉન્ફરન્સ બહાલ રાખે છે, અને તે રિપોર્ટમાં દર્શાવેલી સુચનાઓ ઉપર જૈન કોમનું લક્ષ ખેંચે છે

દરખાસ્ત મુકનાર:–ડો. નાનચંદ કસ્તુરચંદ મોદી L. M. &. S. (મુંબઇ)

ટેકો આપનાર:–રા. માહુમલ ભણુશાલી. ( દીલ્હી )

વિશેષ અનુમોદન,– રા. મણીલાલ વાડીલાલ ( મુંબઈ )

**ઠરાવ ૧૬ મો–જીવદયા** ( Humanitarianism)

આપણને જીવદયાના કાર્યની પદ્ધતિમાં કેટલાક અગત્યના સુધારા વધારા કરવાની આવશ્યકતા રહેતી હોવાથી, આ કૉન્ફરન્સ તે તરફ જૈન કોમનું લક્ષ ખેંચે છે, અને એવું ઇચ્છે છે કે:—

(૧) સર્વ જીવોની રક્ષા કરવા તેમજ તેમની હિંસા થતી હોય તે અટકાવવા માટે યોગ્ય પ્રયાસ કરવા તથા

(૨) પાંજરાપોળમાં જાતિ દેખરેખની ખામીથી તેમાં રાખવામાં આવતાં કમનસીબ મુંગા પ્રાણીઓને જે દુ:ખ સહન કરવું પડે છે, તે ઓછું કરવાનો બંદોબસ્ત કરવા તથા

(૩) મનુષ્યના ખોરાક, તેમજ ધર્મ, શિકાર, ફેશન વિગેરે માટે જુદી જુદી રીતે જાનવરો ઉપર ત્રાસદાયક ઘાતકીપણું ગુજરે છે, તેમાંથી તેને બચાવી લેવા પ્રયત્ન કરવા તથા,

(૪) જાનવરોના શરીરના અવયવોમાંથી બનતી વસ્તુઓ જેવી કે હાથીદાંત, કચકડું વગેરેનો બહિષ્કાર કરી તેને બદલે નિર્દોષ વસ્તુઓ ઉપયોગમાં લેવા,

માટેનું જાહેર પ્રજામાં જ્ઞાન આપવા સારૂ પ્રયાસ કરવાની જરૂર છે અને તેવા પ્રયાસ અત્યાર સુધી જેની જેની તરફથી થયા છે, તેનો આભાર માનવામાં આવે છે અને તેમને તે દિશા તરફ નિરંતર વધુ પ્રયત્ન ચાલુ રાખવા આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

***( પ્રમુખ તરફથી. )**

**ઠરાવ ૧૭ મો–ધાર્મિક ખાતાના હિસાબોની ચોખવટ** ( Accounts of Religions Institutions )

દરેક ધાર્મિક ખાતાના હિસાબો ચોખ્ખા રહે અને તેમાં વહીવટ સંબંધી ગેરસમજુતી થવાનો સંભવ દૂર થઇ વિશ્વાસ બેસે અને તેથી આવક પણ વૃદ્ધિ

* આ ઠરાવની દરખાસ્ત મુકનાર પંડિત ફત્તેહચંદ કપૂરચંદ લાલન અને અનુમોદન આપનાર ઝવેરી લલ્લુભાઇ ગુલાબચંદ મુંબઈવાળાના નામો કાર્યક્રમમાં હતા, પરંતુ મી. લાલને કેટલાક કારણોથી એક ચિઠ્ઠી લખી હાજરી નહીં આપવાથી તે ઠરાવ પ્રમુખ તરફથી મુકવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામે તે માટે હિસાબ તૈયાર રાખવાની, સરવૈયા કાઢવાની, તે જોવા માગે ત્યારે બતાવવાની અને દર વર્ષે છપાવી પ્રગટ કરવાની આ કોન્ફરન્સ જરૂર ધારે છે, તેમજ આ ખાતા તરફથી નિમાયેલા હિસાબ તપાસવા આવનારાઓને તે બતાવવાને આ કોન્ફરન્સ ખાસ આગ્રહ કરે છે અને તે કામમાં બનતી મદદ આપવા માટે દરેક બંધુનું ધ્યાન ખેંચે છે. તેમજ આ ઠરાવનો સર્વત્ર ત્વરિત અમલ થઈ ધર્માદા દ્રવ્યને પૂર્ણ રક્ષણ મળે અને ધારેલા ઉદ્દેશ પાર પડે તે માટે સોથી પહેલો દાખલો બેસાડવા શ્રી સંઘોને નામે વહીવટ કરતી આપણી ધાર્મિક જાહેર સંસ્થાઓના હિસાબો જેમ બને તેમ છપાવી પ્રગટ કરવા આ કોન્ફરન્સ તેવી સંસ્થાઓના વહીવટ કર્ત્તાઓ પ્રત્યે આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

જે જે ખાતાંઓએ રાજીખુશીથી તુરત પોતાના હિસાબો તપાસાવ્યા છે કે પ્રગટ કર્યા છે તેઓને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે.

(પ્રમુખ તરફથી.)

**ઠરાવ ૧૮ મો—અગાઉના ઠરાવોની પુષ્ટિ** (Confirmation of the previous resolutions)

હાનિકારક રિવાજો દૂર કરવા, નિરાશ્રિતોને આશ્રય આપવો, સંપવૃદ્ધિ ઇત્યાદિ આગલી કોન્ફરન્સોએ પસાર કરેલા ઠરાવોને પુષ્ટિ આપવા સાથે આ કોન્ફરન્સ તે ઠરાવોનો અમલ કરવાની સર્વ જૈનોને ભલામણ કરે છે.

(પ્રમુખ તરફથી.)

ત્યારબાદ **શેઠ ભોગીલાલ હાલાભાઇ** પાટણવાળાની પ્રેરણાથી ઠરાવ પસાર કરવામાં આવ્યો કે– એજ્યુકેશન બોર્ડના દરેક મેમ્બરો પાસેથી વાર્ષિક ફી તરીકે રૂા. ૫) લેવામાં આવશે. જેઓ એક સાથે રૂા. ૧૦૦) આપશે, તેઓ લાઇફ મેમ્બર ગણાશે અને તેમને વાર્ષિક ફી આપવી પડશે નહીં. (આ પ્રમાણેનો ઠરાવ પસાર થયા બાદ લાઇફમેમ્બરો ને વાર્ષિક મેમ્બરોના કેટલાક નવા નામો નોંધાયા હતા.)

ત્યારબાદ રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢાએ પ્રમુખ સાહેબ વિગેરેની તરફથી કોન્ફરન્સ નીભાવ ફંડમાં, કેળવણી સહાય ફંડમાં અને સુકૃત ભંડાર ફંડમાં મળેલી મદદ જાહેર કરી હતી. તે પ્રસંગે અન્ય ગૃહસ્થોએ પણ ઉત્સાહ સાથે કેટલીક રકમો જાહેર કરી હતી. આ સહાયનું એકંદર લીસ્ટ દશમા અધિવેશનના રીપોર્ટની અંદર નામવાર પ્રગટ થવાનું હોવાથી તેમજ સ્થળસંકોચના કારણથી અહીં પ્રકટ કર્યું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ પધારેલા ડેલીગેટોનો આવકાર દેનારી કમીટી તરફથી ઝવેરી મોહનલાલ હેમચંદે અને તેના પ્રત્યુત્તરમાં બહાર ગામના ડેલીગેટો તરફથી બાબુ કીર્તિપ્રસાદજીએ આવકાર દેનારી કમીટીનો આભાર માન્યો હતો. બાદ પ્રમુખ સાહેબનો આભાર માનવાની દરખાસ્ત શેઠ દલસુખભાઇ વાડીલાલ વીરચંદે મૂકી હતી, જેને ઝવેરી જીવણચંદ ધરમચંદ તથા ચુનીલાલ છગનચંદ શરાફે ટેકો આપ્યો હતો, જેનો જવાબ પ્રમુખ સાહેબે આપ્યો હતો.

બાદ મી. ગુલાબચંદજી ઢઢ્ઢાએ વોલંટીયર કમીટીનો આભાર માન્યો હતો, જેનો વોલંટીયર કમીટી તરફથી શેઠ નરોત્તમદાસ ભાણજીએ યોગ્ય શબ્દોમાં પ્રત્યુત્તર આપ્યો હતો.

ત્યારબાદ મી. મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ માધવબાગના માલેક જેમણે આ મંડપ નાંખવા માટે રજા આપી ઉદારતા બતાવી હતી તેમનો તેમજ કેટલાક ઉતારા માટે પોતાના બંગલા વગેરે મકાનો આપનાર ગૃહસ્થોનો અને ન્યુસપેપરના માલીકોનો આભાર માન્યો હતો. ત્યારબાદ શ્રી મહાવીરસ્વામીની જય બોલાવી કોન્ફરન્સનો મેળાવડો વિસર્જન થયો હતો.

## દશમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના વોલન્ટીયર મંડળના સુપ્રી૦ શેઠ નરોત્તમદાસ ભાણજીના માનમાં મળેલો મેળાવડો.

શ્રી દશમી જૈન શ્વે૦ કોન્ફરન્સના અધિવેશન પ્રસંગે વોલન્ટીયર મંડળે સંતોષકારક કામ બજાવ્યું તે નિયમિતતા તે મંડળના પ્રમુખ રા. રા. શેઠ નરોત્તમદાસ ભાણજીના શ્રમને આભારી હોવાથી તેઓના માનમાં તેજ પ્રસંગે તા. ૨૪ મીના રોજ માધવબાગના કોન્ફરન્સના મંડપમાં એક સંમેલન મેળવવામાં આવ્યું હતું. આ સંમેલનમાં કોન્ફરન્સના ઘણાખરા કાર્યવાહકોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. સર્વે વોલન્ટીયરો પોતાના યુનીફોર્મ ડ્રેસમાં હાજર હતા. શરૂઆતમાં આમંત્રણપત્રિકા વાંચી સંભળાવવામાં આવી હતી અને આ સંમેલનનું કારણ વીદિત કરવામાં આવ્યું હતું. પછી પ્રમુખસ્થાનની દરખાસ્ત મૂકાવાથી પ્રમુખસ્થાન કોન્ફરન્સના પ્રમુખ માનવંતા શ્રીયુત બાલાભાઈ મગનલાલને આપવામાં આવ્યું હતું. શેઠ નરોત્તમદાસને આપવાનું માનપત્ર રા. મણીલાલ હકમચંદે વાંચી સંભળાવ્યું હતું. અને તે ચાંદીના એક મોટા કાસ્કેટમાં મુકીને પ્રમુખના હસ્તે તેઓને એનાયત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ તેઓના જીવનવૃત માટે ટુંક વિવેચન કર્યું હતું. તેમાં તેઓએ વોલન્ટીયર્સની પ્રશંસા કરીને શ્રીયુત ઢઢ્ઢાની શિખામણ બાબત કંઇ ઇસારો કર્યો હતો. પછી બીજા બે વિદ્વાન બોલનારાઓએ શેઠ નરોત્તમદાસભાઇના જીવનવૃત્ત વિષે વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેષ બોલીને તેના જીવનવૃત્તને પ્રશંસનીય બનાવ્યું હતું. વોલન્ટીયર્સના વતી જવાબ આપતાં મી. શિવલાલ વર્ધમાન શાહે માનભરી ભાષામાં ટુંક વિવેચન કર્યું હતું અને એક સ્વતંત્ર સેવકમંડળ જૈન જેવી વિશાળ કોમ માટે કાયમનું જોઈએ તેવી આવશ્યક્તા જણાવી હતી. પ્રમુખના ઉપદેશક ભાષણ પછી પુષ્પહાર તોરા અપાયા બાદ સંમેલન વિસર્જન થયું હતું.

## ધાર્મિક શિક્ષણ.

( લેખક—જગજીવન માવજી કપાસી. ચુડા. )

આપણાં પવિત્ર જૈનધર્મનું સંપૂર્ણ જ્ઞાન તો મને નહિ હોય, પણ જેટલું તત્સંબંધી મારા વાંચવામાં આવ્યું છે; તે ઉપરથી હું એમ કહું છું કે જૈન ધર્મમાં જેવું ઉંચા પ્રકારનું તત્ત્વજ્ઞાન અને સાહિત્ય છે, તેવું અન્ય ધર્મમાં નહિજ હોય. વર્તમાન વૈજ્ઞાનિક શોધખોળના પ્રતાપથી પણ જૈન તત્ત્વજ્ઞાન સત્ય છે, એવા ઘણાં દાખલા મળી આવ્યાં છે અને મળતાં જાય છે. કેટલાક યુરોપીય વિદ્વાનોએ જૈનધર્મના પુસ્તકોનું અધ્યયન કર્યું છે અને તેઓ તેમાંની સત્યતા સમજવા લાગ્યા છે, આપણાં ધર્મશાસ્ત્રોમાં જે સર્વોત્તમ અને સર્વમાન્ય જ્ઞાન રહેલું છે, તે સર્વદેશીય હોવાનું ઘટે છે; પરંતુ શોકની વાર્તા માત્ર એટલીજ છે કે એવાં ઉત્તમ જ્ઞાનને માનનારા કહેવરાવનારાઓની સંખ્યા માત્ર તેર લાખનીજ છે. સમસ્ત ભારતવર્ષમાં જૈનધર્માનુયાયીઓની સંખ્યા માત્ર તેરજ લાખની છે અને તેમાં જૈનધર્મનું જ્ઞાન ધરાવનારાની સંખ્યા ઘણીજ જુજ છે. આપણા માંહેના કેટલાક મનુષ્યો તો જીન એટલે શું, ધર્મ એટલે શું, આચાર્ય એટલે શું, નવકારમંત્ર એટલે શું અને તીર્થંકર ભગવાન એ શું એ વિષે ઘણું થોડુંજ જાણતા હોય છે. પોતે જે ધર્મમાં જન્મ પામ્યા છે અને પોતાના બાપદાદાઓ જે ધર્મને પરાપૂર્વથી માન્ય રાખતાં આવ્યાં છે, તેનું જ્ઞાન પણ તેને નહોય તો મનુષ્ય જેવાં ઉત્તમ પ્રાણીની કેટલી અજ્ઞાનતા કહેવાય! અજ્ઞાન મનુષ્યોની વાત આપણે ક્ષણભર એક તરફ મૂકીએ અને કેળવાએલાં કહેવાતાં જૈનો તરફ દ્રષ્ટિ કરીએ તો પણ કહેવાને દીલગીરી ઉપજે છે કે કેળવાએલા કહેવાતાં જૈનોમાં પણ ઘણાં થોડાં પોતાના ધર્મના સ્વરૂપને સમજતાં હશે. જૈનોને માટે આ ઓછી દીલગીરીની વાત નથી. ભૂતકાલમાં આપણાં સર્વમાન્ય ધર્મની જે સર્વોત્કૃષ્ટ સ્થિતિ હતી, તેની સાથે આધુનિક સમયના આપણાં ધર્મની સ્થિતિની તૂલના કરીએ છીએ ત્યારે ખરેખર અમારી આંખોમાંથી અશ્રુ બિન્દુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓ વહ્યા સિવાય રહેતાં નથી. પૂર્વના સમયમાં આપણાં જૈનધર્મની જે જાહોજલાલી હતી, પ્રાતઃસ્મરણીય તીર્થંકરો હતાં, પૂજ્ય આચાર્યો હતાં, મહાન રાજાઓ હતા અને જૈનધર્મની વિજયપતાકા ચોતરફ પ્રસરેલી હતી; તે માંહેનુ આજે આપણે જોઈએ છીએ ત્યારે કાંઇજ નથી. અલબત કેટલાંક પૂજ્ય આચાર્યો અને ઉત્તમ પુરૂષો આજે પણ વિરાજમાન છે, પણ તે માત્ર ગણ્યા ગાંઠ્યાજ છે. આજે જૈન ધર્મની અંદર કુસંપના બીજ બહુ મજબુત રીતે રોપાય ગયાં છે અને કોઈ કોઈ સ્થળે તો વૃક્ષો પણ થવા લાગ્યાં છે. જ્યાં જુવો ત્યાં કલેષ, કંકાસ, કુસંપ, કજીઆ, દ્વેષ આદિ ઉન્નતિના બાધક તત્ત્વોએ જૈન સમાજને છીન્નભીન્ન કરી નાંખ્યો છે. અજ્ઞાનાવસ્થામાં પોતાનું જીવન અનેક કુકર્મ કરવામાં વિતાવે છે, શ્રીમાન મનુષ્યો લક્ષ્મીના અહંભાવમાં ઉંચુ માથું કરતાં નથી અને કેળવાએલાં કહેવાતાં જૈનો પોતાના મમત્ત્વમાં મચી પડેલાં છે. અરે? જૈન સમાજની આ થોડી શોચનીય સ્થિતિ છે? જૈન સમાજની આવી દુઃખદ અવસ્થા અગાઉ કદી પણ આવી નહિજ હોય એમ મારૂં માનવું છે. કેટલાંક અપવાદ સિવાય સાચાનું જુઠું કરવું, જુઠાનું સાચું કરવું, અધર્મ અને અનીતીએ ચાલવું, વ્યાપાર અનેક કપટપ્રયોગો કરી બીજાનું અહિત કરવું, જરા જેટલાં ભયના પ્રસંગમાં બાયલાપણું બતાવવું, એકાદ વખત દેરાસર અગર ઉપાશ્રયમાં જઈ ધર્મઢોંગી થઇ આવવું અને વ્યવહારમાં ગમે તેવું વર્તન ચલાવવું આદિ અનેક દુર્ગુણોના ધારક આપણા બન્ધુઓ કહેવાતાં જૈનવાણિઆઓજ છે, એમ કહીશું તો ખોટું નથી. જેના હાથમાં દેશના ઉદયનું પરમ સાધન વ્યાપાર જેવી વસ્તુ છે, તેવા વાણીઆઓ આજે એક તિરસ્કાર પાત્ર વસ્તુ થઈ પડેલી જોવામાં ઘણે સ્થળે આવી છે. વ્યાપાર એ દેશના ઉદયનું એક બીજ છે, એમ દેશભકતોનું કહેવું છે અને વ્યાપારની ઉન્નતિ વિના આપણુ ભારતવર્ષની સ્થિતિ સુધરી શકે તેમ નથી. એવી વસ્તુસ્થિતિ હોવા છતાં વ્યાપર કરનારાઓની આવી દુર્દશા હોય એ કેટલું શોકજનક છે?

ઉદય અને અસ્ત અથવા સાદી ભાષામાં કહીએ તો ચડતી અને પડતી એ અનુક્રમે આવ્યા કરે છે, એવો પ્રકૃત્તિનો સિદ્ધ નિયમ છે. એ દૃષ્ટિથી જોતાં શોક કરવો એ નકામો અને નિરૂપયોગી છે. પરંતુ ગમે તેવી દુઃખદ સ્થિતિમાં સડ્યા કરવું અને તેમાંથી દૂર થવાને કાંઈપણ પ્રયાસ ન કરવો, એ કેવલ મૂર્ખાઇજ છે. તેથી પડતી દશા થવામાં શું શું કારણો રહેલાં છે, અને તેમને કેવા પ્રકારના પ્રયત્નોથી દૂર કરી શકાય તેમ છે, એનો વિચાર કરી તદનુસાર વર્તન કરવું એ મનુષ્ય માત્રની અનિવાર્ય ફરજ છે. આપણી અવનતિ થઈ છે, આપણી સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે, સ્રીઓમાં અને બાલકોમાં મરણ પ્રમાણ બહુ વધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડયું છે, આપણી જ્ઞાતિઓમાં અને સંઘોમાં કુસંપ પ્રસરી રહ્યો છે અને આપણાં ઘણા બન્ધુઓ અજ્ઞાનાવસ્થામાં અને ગરીબાઇમાં જીવન ગુજારે છે. આટલી હદે આપણે અવનતિના ઉંડા ખાડામાં પડતા જઇએ છીએ, છતાં આપણે મુંગા મોઢે બેસી રહી સર્વ સહન કરીએ એ શું ઇચ્છવા યોગ્ય છે ? મનુષ્ય માત્ર ઉન્નતિને, સુખને અને ચડતી દશાને ચાહે છે, પરંતુ યોગ્ય શિક્ષણના અભાવે જોઇએ તેવા સુપ્રયત્નો કરવામાં નહિ આવતા હોવાથી ઇષ્ટ વસ્તુને પ્રાપ્ત કરી શકાતી નથી. પ્રથમ અમે આપણા સમાજના દોષો દર્શાવ્યા તેથી એમ નથી સમજવાનું કે સર્વ કોઈ દોષવાન છે. અને સદ્દગુણી કોઈ નથીજ. આપણા સમાજમાં સુભાગ્યે પૂજ્ય આચાર્યો છે. અને કેટલાક ઉત્તમ પુરૂષો પણ છે અને તેઓ સમાજનું હિત પણ કરે છે; પરંતુ જૈનોમાંનો મોટો ભાગ અમે અગાઉ વર્ણવ્યો તેવોજ છે. શરીરના એક નાનામાં નાના અવયવને કાંઇક દર્દ થયું હોય તો પણ આખા શરીરને દુ:ખ છે, એમ જણાઇ આવે છે; તેવી રીતે સમાજમાં જ્યાંસુધી નજીવા દુર્ગુણો હોય, ત્યાંસુધી સર્વોત્તમ ઉન્નતિને પ્રાપ્ત કરી શકાતી નથી.

જૈન સમાજની આવી સ્થિતિ દૂર કરવા માટે તથા તેની ઉન્નત દશા થાય તે માટે ધાર્મિકશિક્ષણની અનિવાર્ય અગત્ય છે. ધર્મ એ એક એવા ઉચ્ચ પ્રકારનું સાધન છે કે મનુષ્ય માત્ર તેના સેવનથી પોતાની સર્વોત્તમ ઉન્નતિ કરી શકે છે. સમાજની કે દેશની ચડતી દશા ધર્મ સિવાય થઇ શકતી નથી. ધાર્મિક શિક્ષણની જરૂર છે, અને તેના અભાવે માનવસમાજની અવનતિ થઈ છે, એમ ઘણા દેશ અને સમાજસેવકોનું માનવું છે. ધર્મના અભાવથી ઘણાં મનુષ્યો આલોક અને પરલોક શું છે એ કાંઇ સમજતાં નથી, આત્મા શું વસ્તુ છે તે પણ સમજતાં નથી અને કેવળ ઐહિક સુખસામગ્રી એકત્ર કરવામાં પોતાના બહુમૂલ્ય જીવનનો વ્યય કરે છે. ધર્મશિક્ષણના અભાવથી આપણાં માંહેના ઘણાં અન્યધર્મમાં વટલાઇ જાય છે, અને કેટલાક નથી વટલાતાં તો અધર્મ અને અનીતિમાં જીવન ગાળતાં હોય છે. એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે ધર્મજ્ઞાનના અભાવે જૈન સમાજનીજ નહિ પણ દેશની અવનતિ થઇ છે. કેટલાક ઉજળું એટલું દુધ જોનારા મનુષ્યોનું એમ કહેવું પણ છે કે હવે આપણને ધર્મજ્ઞાનની બીલકુલ જરૂર નથી. આપણે તો આપણી ઐહિક ઉન્નતિ ગમે તે ભોગે કરવાની જરૂર છે. આ કથન કેવળ અજ્ઞાનતા ભરેલું છે. કારણ કે ધર્મના યથાર્થ જ્ઞાન વિના યુરોપીય પ્રજાની અત્યારે શું સ્થિતિ થઈ પડી છે, એનો વિચાર જો તેઓ કરે તો અવશ્ય તેમને સ્વીકારવું પડે કે મનુષ્ય માત્રને માટે ધર્મનું જ્ઞાન અત્યંત આવશ્યક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવસમાજ પ્રતિ દ્રષ્ટિ કરવામાં આવે તો પુરૂષો અને સ્ત્રીઓ સર્વ કોઇ સુખને પ્રાપ્ત કરવા માટે અનેક પ્રયત્નો કરી રહેલાં છે, એમ જણાય છે. વાસ્તવિક સુખ શું છે, એ સમજ્યા સિવાય સહુ કોઈ પોતાના ઇષ્ટ પદાર્થને મેળવવા માટે રાત્રીદિવસ અથાગ પરિશ્રમ કરે છે. તેમ છતાં ઘણાં તો તેમાં સફળ થઇ શકતાં નથી. આનું કારણ એ છે કે સુખને મેળવવાનો મનુષ્યોએ જે માર્ગ ગ્રહણ કરેલો હોય છે, તે ઘણે ભાગે સત્યમાર્ગ હોતો નથી. અને તેથીજ તેમને વિજય મળતો નથી. આ લોક અથવા પરલોકનું સુખ પ્રાપ્ત કરવા માટે ધર્મયુક્ત વર્તન અને સદાચાર એજ ઉત્તમ માર્ગ છે. પરંતુ મનુષ્યો યથાર્થ માર્ગને બાજુ ઉપર મૂકી દઈ અધર્મના માર્ગે ચાલી સફલતા મેળવવા ચાહે તો તેમાં તેઓ નિરાશ થાય એ સ્વાભાવિકજ છે. તમારે અમદાવાદ જવું હોય અને તમે ભાવનગર જતી ગાડીમાં બેસો તો તમે અમદાવાદ જવામાં નિરાશા પ્રાપ્ત કરો, એ જેમ સિદ્ધ છે; તેમ વિપરિત માર્ગે પ્રયત્ન કરી સુખની આશા નિરાશામાંજ પ્રાપ્ત થાય છે. આ વિવેચન ઉપરથી ધર્મશિક્ષણની આપણા સમાજને કેટલી અગત્ય છે. એ વાંચક સહજ સમજી શકશે. ધર્મશિક્ષણના પ્રચાર અર્થે કેટલેક સ્થળે પાઠશાળાઓ સ્થાપવામાં આવી છે અને કેટલીક જૈન સંસ્થાઓ પણ તે માટે પ્રયત્ન કરે છે, એમ અમારા જાણવામાં છે. પરંતુ અમને લાગે છે કે તે દિશામાં જેવો અને જેટલો જોઇએ તેવો પ્રયત્ન થતો નથી. પાઠશાળાઓમાં કેવળ સૂત્રો ગોખાવી જવાથી જોઇએ તેવો લાભ થવા સંભવ નથી. જો કે આ પ્રણાલિકા નિરૂપયોગી છે, એમ કહેવાનો અમારો આશય નથી, પણ તે કરતાં આપણે વર્તમાનમાં એવા પ્રકારની ધાર્મિકશિક્ષણ આપે તેવી પાઠશાળાઓ સ્થાપવાની જરૂર છે કે જેમાં જૈન ધર્મનું યથાર્થ જ્ઞાન બહુજ સરલતાથી વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરી શકે. તેમજ પાઠશાળામાં અભ્યાસ માટે અને સમાજમાં વાંચનની ખોટ પૂરી પાડવા માટે જૈન ધર્મના સુંદર અને સરલ શૈલીમાં લખાએલા પુસ્તકો પ્રગટ થવાની પણ બહુ અગત્ય છે. કેટલીક જૈન સભાઓ પુસ્તકો પ્રગટ કરે છે, પણ તે મોટા ભાગે જૂના સુત્રોનાજ હોય છે. જૈન સાહિત્યને સાચવી રાખવાનો એ સભાઓનો પ્રયત્ન અવશ્ય પ્રશંસાપાત્ર છે; પરંતુ એવા ગહન પુસ્તકોનો લાભ સર્વ કોઈ લઈ શકતું નથી. માટે જૈન વાંચનમાળા અથવા જૈન ગ્રંથમાળા કોઇપણ સંસ્થા પ્રગટ કરી આપણા સમાજ ઉપર ઉપકાર કરશે, એમ અમારી નમ્ર સૂચના છે. પુનઃ પુનઃ કહીએ છીએ કે આપણા સમાજને ધાર્મિક શિક્ષણની બહુ જરૂરીઆત છે અને જ્યાંસુધી એ માટે સંગીન ઉપાયો યોજવામાં નહિ આવે, ત્યાંસુધી જૈન સમાજ કદિપણ ઉન્નત થઈ શકશે નહિ. આ સંબંધમાં હાલ તો એટલુંજ લખવું ઉચિત ધારીએ છીએ અને પરમાત્માની કૃપા હશે તો આત્માનંદ પ્રકાશની શાંતિદાયક જ્યોતિમાં વાંચક બન્ધુઓ, આપણે પુનઃ મળીશું. અસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દિગંબર જૈન–શ્રી વીર નિર્વાણ ખાસ અંક.

ઉપરના માસિકનો ખાસ અંક અમોને અભિપ્રાયાર્થે ભેટ મળેલ છે. લગભગ ૩૨ ચિત્રોનો પરિચય કરાવનાર અનેક વિદ્વાનોના લેખોથી ભરપુર આ દળદાર અંક જૈન સાહિત્યક્ષેત્રમાં નવીન જાગૃતિ અર્પે છે. જુદી જુદી ભાષાની લેખિની દ્વારા આ અંકમાં વિવિધતા જળવાઇ રહી છે. સંસારવૃક્ષ અથવા ષટ્લેશ્યાસ્વરૂપ જેવા ચિત્રોને આવી રીતે વ્યાપક બનાવી મનુષ્ય જીવનને સરળ બોધ આપવો એ યોજકનું રસક્ષેત્રમાં પ્રધાન સ્થાન સૂચવે છે. પાશ્ચિમાત્ય આંગ્લ લેખો અને ગ્રેજ્યુએટોના લેખો તેજસ્વી હોવા સાથે તત્ત્વજ્ઞાનને સૌહાર્દભાવે વ્યક્ત કરે છે. દિગંબર બંધુઓએ માસિકોને ઉન્નત સ્થિતિએ મૂકવા જેટલો પ્રયાસ સેવ્યો છે તેટલો આપણે હજુ સેવવામાં પછાત છીએ એમ કહેવું અસ્થાને નથી. જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી જ્યાંસુધી જૈન જીવનનું પૃથક્કરણ થશે નહિ, ત્યાંસુધી સંકુચિત વૃત્તિઓ દૂર થશે નહિ. સાહિત્યક્ષેત્રમાં અમો આ અંકને સાદર કરતાં આનંદિત થઇએ છીએ.

## જાહેર ખબર.

### શેઠ રતનજી વીરજી દવાખાનું.

પાલીતાણા.

સર્વે સાધુ, સાધ્વી તથા જૈન યાત્રાળુ ભાઇઓને આ ઉપરથી જાહેર કરવામાં આવે છે કે નીચે સહી કરનાર તરફથી દાકતર સાહેબ ગુલાબરાય મોહનલાલ ઉપાધ્યાય કે જેઓ એલ. એમ. એન્ડ એસ. છે અને ઘણા હોંશીયાર તથા લોકપ્રિય દાકતર છે, તેમને સાધુ, સાધ્વી તથા જૈન યાત્રાળુ ભાઇઓની સગવડતા ખાતર સારા માસિક પગારથી રાખવામાં આવેલ છે.

સાધુ સાધ્વીઓને દવામાં સુકી દવા ( પાઉડર ) મફત આપવા તથા મફત વીઝીટ કરવા ગોઠવણ રાખી છે. અને જૈનયાત્રાળુ ભાઇઓને મફત દવા આપવામાં આવશે. પણ જો તેમને ઉતારે વીઝીટ કરવા બોલાવશે તો, અરધી ફી લેવામાં આવશે તો આશા છે કે તમામ સાધુ સાધ્વીઓ અને જૈન યાત્રાળુ ભાઇઓ આ દવાખાનાનો પૂર્ણ લાભ લેશે. તા. ૧૫ માહે એપ્રીલ સને ૧૯૧૬.

શેઠ પ્રેમચંદ રતનજી.
ભાવનગરવાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## श्री मालवादेस बडनगरमें मुनिराजका प्रवेस तथा याहां पंदरा दिनका महोच्छव.

उज्जयनसें महाराज साहब श्री १००८ **श्री हंसविजयजी** तथा पन्यासजी **श्री संपतविजयजी** आदिका बडनगर पहोचना हुवा जब यहांके श्रीसंघने इंग्रेजी वाजे आदिके ठाठसें सामने जाके शहरमें प्रवेश कराया तथा जिनवाणी श्रवण करके १५ दिनका महोच्छव करवाया. चैत्र सुदि १ सें श्रीसंघके आगेवान जुदे जुदे सद्गृहस्थोंने पुजाए पढाई सुदी ७ तथा आठमसें उजमणावाले उदेचंदजीकी तरफसें पुजाये पढाई गई थी.

रतलामसें गायन मंडली बुलाई गई थी तथा चैत्री पुनमके रोज ठाठमाठसें वरघोडा निकला, वदि १ के रोज इनकी तरफसें स्वधर्मीवात्सल्य हुवा. उस रोज लाकडावाला ताराचंदजी कस्तुरचंद तरफसें अंदाज रुपया ३० लगाके २१ प्रकारकी पूजा पढाई इस महोत्सवमें रतलामसें अंदाज १०० श्रावक श्राविकाओंने लाभ लिया तथा पंजाबके लाला पन्नालालजी अमृतसरवाले जोहरी, सहकुटुम्ब हाजीर थे, और भी नीचे लिखे गामोंके निवासी सद्गृहस्थ हाजीर हुवे थे—

१ मेदपुर, २ जावरा, ३ मानपुरगुजरी, ४ कीसनगढ, ५ पटलावद, ६ खवासो ७ मऊ, ८ सेमलावदो, ९ रावटी १० धार, ११ इन्दौर.

देवद्रव्यके घृतकी बोलीमें इन्दौरवाले हीरालालजी आदि लोगोंने लाभ उठाया.

चैत्र शुद १३ के रोज महावीरस्वामीका जन्मकल्याण होमेसे श्री महावीरप्रभुके देवलमें पंचकल्याणककी पूजा पढाई गई थी, और इहांके विद्यार्थीयोंकी महाराजश्री हंसविजयजी साहेबने परिक्षा लीथी, इसलीये विद्यार्थीओ और अध्यापककुं इनाम देनेमें आया था. (मळेलुं).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અમદાવાદમાં શેઠ ચીમનભાઇ બોર્ડીંગહાઉસનો મેળાવડો.

શ્રી અમદાવાદમાં ચાર વર્ષથી સ્થપાએલ **શેઠ ચીમનલાલ નગીનદાસ બોર્ડીંગ હાઉસનો** વાર્ષિક મેળાવડો તા–૩૦–૪–૧૯૧૬ના રોજ રાવબહાદુર જમીયતરાય ગૌરીશંકર શાસ્ત્રી બી. એના પ્રમુખપણા નીચે શેઠ શેઠ અંબાલાલ સારાભાઈ આનંદ ભુવન નાટકશાળામાં કરવામાં આવ્યો હતો. પ્રથમ સેક્રેટરી રા. હીરાલાલ મૂલચંદ મહેતા બી. એ. એ ચાર વર્ષનો રીપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓએ અંગકસરતના ખેલો કરી બતાવ્યા હતા અને ગુજરાતી ઈંગ્રેજીમાં કેટલાક શ્લોક અને બોધદાયક ફકરા બોલી બતાવ્યા હતા. ત્યારબાદ શેઠ ગોવીંદરામ રામશંકર તથા ગીરધરલાલ ઉત્તમરામ વકીલ, કેશવલાલ જમનાદાસ પાલખીવાળા, મી. વાડીલાલ મોતીલાલ શાહે ઉક્તબોર્ડીંગની ઉત્તમતા, કાર્ય વ્યવસ્થા માટે સંતોષ જાહેર કરતાં, તેમને મકાનની જરૂરીયાત છે તેમ જણાવી ઉકત સંસ્થાનો જન્મ આપનાર શેઠ અંબાલાલ સારાભાઇને ધન્યવાદ આપ્યો હતો. છેવટે પ્રમુખે બોર્ડીંગો કેવી હોવી જોઇએ તે વિષે બોલી બોર્ડીંગના કાર્યને માટે પોતાનો આનંદ પ્રદર્શિત કરી મેળાવડો બરખાસ્ત કરવામાં આવ્યો હતો. (મળેલું)

## શ્રી જુનાગઢ વીસાશ્રીમાળી જૈન બોર્ડીંગહાઉસનો મેળાવડો.

શ્રી જુનાગઢ શહેરમાં તા૦૨૩–૪–૧૯૧૬ના રોજ શ્રીમાન્ મુનિરાજ **શ્રી વલ્લભવિજયજી મહારાજના** પ્રમુખપણા નીચે શ્રી વીશાશ્રીમાલી જૈન બોર્ડીંગ હાઉસનો ઇનામનો મેળાવડો શેઠ નથુભાઇ કીરપારામ બીલ્ડીંગમાં કરવામાં આવ્યો હતો. જૈનો તથા જૈનેતરોએ મળી મોટી હાજરી આપેલી હતી. પ્રથમ બોર્ડીંગના સેક્રેટરી મનજી ધરમશી, મહેતાએ મહાત્મા શ્રી વલ્લભવિજયજી મહારાજના અસરકારક વ્યાખ્યાનની ઉજ્જવલ છાપ મજકુર સંસ્થાના બોરડરોના હૃદય ઉપર પાડવા, મજકુર સંસ્થાને તન–મન ધનથી સહાય આપનાર મુરબ્બી શેઠ દેવકરણભાઇ મુલજી કે જેઓ હાલમાં સખ્ત બીમારી ભોગવી તનદુરસ્ત થયા તે બાબતનો હર્ષ પ્રદર્શીત કરવા અને ૩ આ વર્ષે પરિક્ષામાં પસાર થએલા આ સંસ્થાના બોરડરોને ઉક્ત મહાત્માના પવિત્ર હાથે ઇનામ અપાવવા આ મેળાવડો કરવાનો હેતુ બતાવ્યો હતો. ત્યારબાદ ઉક્ત સંસ્થાનો ટુંક રીપોર્ટ સેક્રેટરીએ વાંચી સંભળાવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓના પ્રયાસથી, સ્થાનિક જ્ઞાતિના સમત્તિથી અને સૌરાષ્ટ્ર વીશાશ્રીમાળી મિત્રમંડળના ખાસ આલંબનથી તા. ૧૮–૮–૧૯૧૩ ના રોજ યુક્ત સંસ્થાનો જન્મ થયો હતો, ત્યારથી અત્યાર સુધીનો હેવાલ ટુંકમાં જણાવ્યો હતો. ત્યારબાદ ઉક્ત મહાત્માના હાથથી બોરડરોને ઇનામો આપવામાં આવ્યા બાદ અધીકારી વર્ગ તરફથી રા. રા. બુલાખીદાસે કંઇક વિવેચન કર્યું હતું. ત્યારબાદ મુનિરાજ શ્રી વિમલવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી વિનયવિજયજી મહારાજે પ્રસંગને અનુસરતું વિવેચન કર્યું હતું. ત્યારબાદ પ્રમુખ સાહેબ શ્રી વિદ્વદ્વર્ય શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજે પોતાની મધુર વાણીથી વિદ્વતાપૂર્ણ અસરકારક ભાષણ કર્યું હતું તે પૂર્ણ થયા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમાં છપાતા ઉપયોગી ગ્રંથો.

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

## માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

૧ " સત્તરીય ઠાણ સટીક " — શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.

૨ " સિદ્ધ પ્રાભૃત સટીક " — પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી.

૩ " રત્નશેખરી કથા " — શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઈ પાટણવાળા ત.

૪ " દાનપ્રદીપ " — શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત.

૫ " શ્રી મહાવીર ચરિત્ર "— શ્રીનેમિચંદ્રસૂરિ કૃત. — શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે.

૬ " સંબોધ સિત્તરી સટીક " — શા. કલ્યાણજી ખુશાલ વેરાવળાવળા તરફથી.

૭ " ષટ્સ્થાનક પ્ર—સટીક " — શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાત બાઇ માંગરોળવાળા તરફથી.

૮ " ચૈત્યવંદન મહાભાષ્ય " — શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.

૯ " સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા " — શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.

૧૦ " ષડાવશ્યક વૃત્તિ નમિસા. કૃત " — શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.

૧૧ " પ્રતિક્રમણ ગર્ભ હેતુ " — શા. મનસુખભાઇ લલ્લુભાઈ પેથાપુરવાળા તરફથી.

૧૨ " સંસ્તારક પ્રકીર્ણ સટીક " — શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.

૧૩ " શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક " — શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.

૧૪ "પ્રાચીન ચાર કર્મગ્રંથ ટીકાસાથે" — શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી.

૧૫ "ધર્મપરિક્ષા શ્રીજિનમંડનગણી કૃત" — બે શ્રાવિકાઓ તરફથી.

૧૬ " સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત " — શા. લલુભાઈ ખુબચંદની વિધવા બાઈ મેનાબાઈ પાટણવાળા તરફથી.

૧૭ " પંચનિગ્રંથી સાવચૂરિ "

૧૮ " પર્યંત આરાધના સાવચૂરિ "

૧૯ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ "

૨૦ " બંધોદયસત્તા પ્રકરણ સાવચૂરિ "

૨૧ " પંચસંગ્રહ " — શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.

૨૨ " શ્રાદ્ધવિધિ " — શેઠ જીવણભાઈ જેચંદ ગોઘાવાળા. "

૨૩ " ષડ્દર્શન સમુચ્ચય " — "

૨૪ " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા. " — બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી મુંબઇવાળા તરફથી.

૨૫ " બૃહત્ સંઘયણી શ્રી જિનભદ્રગણી. ક્ષમા શ્રમણ કૃત " — એક સભા તરફથી.

૨૬ " કુમારપાળ મહાકાવ્ય " — શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઈ ચંદન પાટણવાળા તરફથી.

૨૭ " ક્ષેત્ર સમાસટીકા " — શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## " ભાષાંતરના ગ્રંથો "

૨૮ " શ્રાદ્ધગુણ વિવરણ " વોરા હઠીસંગ ઝવેરચંદ તરફથી ( બાઇડીંગ થાય છે. )

# " નવા ગ્રંથોની થયેલી યોજના. "

### ( મૂળ ગ્રંથો. )

૨૯ " કુવલય માળા " ( સંસ્કૃત ) સભા તરફથી.

૩૦ " શ્રી વિજયચંદ કેવળી ચરિત્ર " પાટણ નિવાસી બેન રૂક્ષમણી તરફથી.

૩૧ " વિજ્ઞપ્તિ ત્રિવેણી " ( અપૂર્વ ઇતિહાસિક ગ્રંથ ).

### ભાષાંતરના ગ્રંથો.

૩૨ " શ્રી ચંપકમાળા ચરિત્ર "

૩૩ " શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ " [ સમ્યક્ત્વનું સરલ સ્વરૂપ ]

૩૪ " શ્રી સમ્યક્ત્વ કૌમુદિ " વિવિધ કથાઓ સહિત અતિ રસિક અને સુબોધક ગ્રંથ, શ્રીપાછીયાપરવાળા શાહ રણછોડદાસ ભાઇચંદ તરફથી.

# જાહેર ખબર.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

આ વિદ્યાલયમાં દાખલ થવા ઇચ્છનાર **જૈન શ્વેતાંબર વિદ્યાર્થીઓ** જેઓએ મેટ્રીક્યુલેશનની પરીક્ષા પસાર કરી હોય અને જેઓ પ્રીવીયસ કલાસમાં અથવા તેથી આગળ **મુંબઇમાં કોઈ પણ કોલેજમાં** અભ્યાસ કરવા ઇચ્છતા હોય, તેમણે પરીક્ષાના છેલ્લા પરીણામ સાથેની અરજી છાપેલા ફોર્મ પર તા. ૧૫ મી જુન સુધીમાં મોકલી આપવી. સારી સંખ્યામાં નવા લાયક વિદ્યાર્થીઓને આ વરસે લેવાનો ઠરાવ મેનેજીંગ કમીટીએ કર્યો છે. ફોર્મ માટે લખો—

મદદ કરવાની ઇચ્છાવાળાએ નીચે સહી કરનાર પર લખવાથી ધારા—ધોરણ વિગેરેની નકલ મોકલી આપવામાં આવશે.

પ્રીન્સેસ સ્ટ્રીટ, મનહર બીલ્ડીંગ—મુંબઇ. } મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ. ઓ. સેક્રેટરી.

## મુનિરાજ શ્રી સિંહવિજયજીનો સ્વર્ગવાસ.

ગયા ચૈત્ર શુદ ૧ ના રોજ ગોધાવી ગામમાં બે વર્ષ સુધી ક્ષયની બીમારી ભોગવી ઉક્ત મહાત્માએ દેહ ત્યાગ કર્યો છે. વીશ વર્ષની ઉમરે ચતુર્થવ્રત અને છવીશમે વર્ષે ચારિત્ર અંગીકાર કર્યું હતું. તેઓ શાંત અને ચારિત્રપાત્ર મુનિ હતા. અને વૈરાગ્ય પણ ઉત્તમ હતો. જૈન સૂત્રો—પ્રકરણો વગેરેના સારા અભ્યાસી હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી એક ઉત્તમ મુનિની ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને પરમ શાંતિ મળો, એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only